વાઇબ્રન્ટ ઉદ્યોગ

Publisher : RUSHABH SHAH

www.vibrantudyog.com



આમજનતાના આરોગ્ય

સાથે વિશ્વવિખ્યાત કંપનીઓ દ્વારા કરવામાં આવી

રહેલી રમત

આમજનતાના આરોગ્ય સાથે વિશ્વવિખ્યાત કંપનીઓ દ્વારા કરવામાં આવી રહેલી રમત

દિગ્ગજ બ્રાન્ડ્સ દ્વારા ભારતના બજારમાં મૂકવામાં આવતા કંગાળ પ્રોડક્ટ્સ સામે ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઇન્ડિયા ત્રાટકી

ભારતના બજારમાં નબળી ક્વોલિટીના પ્રોડક્ટ્સ મૂકવામાં વિશ્વ વિખ્યાત બ્રાન્ડ્સ પણ જરાય પાછળ નથી. પ્રામાણિકતા માટે જેમના ઉદાહરણ આપવામાં આવે છે તેવી કંપનીઓ પણ ભારતના બજારમાં મૂકવા માટેના તેમના ટૂથપેસ્ટની ક્વોલિટી અલગ જ રાખે છે. આ દર્શાવે છે કે ફાસ્ટ મુવિંગ કન્ઝ્યુમર ગુડ્સના ક્ષેત્રની વિશ્વવિખ્યાત કંપનીઓ પણ ભારતીય પ્રજાના આરોગ્ય સાથે રમત કરી રહી છે. જોકે ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ તેમની આ રમત હવે ન ચલાવવાનો નિર્ધાર કર્યો છે. તેમની સામે આકરાં પગલાં લેવાની સાથો સાથે જ તેમની સામે કોર્ટ કાર્યવાહી પણ ચાલું કરવામાં આવી રહી છે. આમ ભારતીય જનતાના હિતમાં ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સક્રિય બનતા ભારતીય જનતાનું આરોગ્ય પહેલા કરતાં વધુ સલામત હાથોમાં જઈ રહ્યું હોવાનો નિર્દેશ મળી રહ્યો છે.

નેસ્લે ઈન્ડિયા: દર્દીઓ અને શિશુ આહારમાં મંજૂરી વગરનું ઉત્પાદનઃ લોકોનો ધર્મભ્રષ્ટ કરવાનો પ્રયાસ કર્યો

નેસ્લે ઈન્ડિયાએ નેસ્લે રિસોર્સ રેનલ વેનિલા ફ્લેવર પાવડરનું ઉત્પાદનું ઉત્પાદન ચાલુ કરી દીધું છે. આ સ્પેશિયલાઈઝ્ડ ન્યુટ્રિશનલ પ્રોડક્ટનું વેચાણ પણ ભારતીય બજારમાં કરવામાં આવતું હતું. આ પાવડર કિડનીના દર્દીઓ માટે વપરાય છે. ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા-ફસાઈ-FSSAIની તપાસમાં સામે આવ્યું કે આ પ્રકારના હેલ્થ સપ્લીમેન્ટ્સ માટે ભારત સરકારની આગોતરી મંજૂરી લેવી ફરજિયાત છે. વિશેષ ડાયટ તરીકે ઉપયોગમાં લેવા માટેના પ્રોડક્ટ્સ, તબીબી હેતુઓ સર ઉપયોગમાં લેવાતા, ન્યૂટ્રાસ્યૂટિકલ્સ અને આરોગ્યને જાળવવામાં મદદ કરતાં પ્રોડક્ટ્સ બનાવવા હોય તો ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ રેગ્યુલેશન 2022 હેઠળ આગોતરી મંજૂરી લેવી ફરજિયાત છે.

પ્રામાણિકતા માટે જેમના ઉદાહરણ આપવામાં આવે છે તેવી કંપનીઓ પણ ભારતના બજારમાં મૂકવા માટેના તેમના ટૂથપેસ્ટની ક્વોલિટી અલગ જ રાખે છે.

નેસ્લે જેવી વિશ્વ વિખ્યાત કંપનીએ ભારતમાં તેનું ઉત્પાદન કરવાની મંજૂરી પણ લીધી નહોતો. ફસાઈ-એફએસએસએઆઈ એ આગોતરી મંજૂરી ન લેનાર નેસ્લે સામે પગલાં લેવા માંડ્યા છે. બીજું, ભારતમાં શાકાહાર



અને માંસાહાર ધર્મ સાથે સંકળાયેલી બાબત છે. પ્રોડક્ટ્સ માંસાહારી છે કે પછી શાકાહારી છે તે દર્શાવવા લાલ અને લીલું ચક્ર પ્રોડક્ટ્સના પેકિંગ ઉપર લગાવવાનું કાયદાકીય જોગવાઈ હેઠળ ફરજિયાત છે. પરંતુ નેસ્લે ઈન્ડિયાએ ભારતીય જનતાની ધાર્મિક લાગણીની ઐસીતૈસી કરીને તેના પ્રોડક્ટ્સના લેબલ પર શાકાહારી (Green) કે માંસાહારી (Red) હોવાનું ફરજિયાત પ્રતીક દર્શાવવામાં આવ્યું ન હતું. આ રીતે કરોડો લોકોની ધાર્મિક લાગણી દુભાય અન તેઓ ધર્મભ્રષ્ટ થાય તેવા પ્રયાસો કરવામાં આવ્યા છે. આમ ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ 2006ની કલમ 23નો એટલે કે લેબલિંગ અને પેકેજિંગના નિયમનો ધરાર ભંગ કર્યો હતો. તેમ જ આ જ કાયદાની કલમ 31 હેઠળ ઉત્પાદન કરવા માટે આગોતરી મંજૂરી પણ લીધી નહોતી. આમ આ ઉત્પાદનોનું લાઈસન્સ વિના વેચાણ પણ ચાલુ કરી દેવામાં આવ્યુ હતું.

હિન્દુસ્તાન યુનિલીવરલિમીટેડના હરિફાઈમાં મિથ્યા દાવા અને સાકરની ગોલમાલ

હિન્દુસ્તાન યુનિલીવર લિમિટેડ પણ ભારતની પ્રજાના આરોગ્ય સાથે રમત કરવામાં નેસ્લે ઈન્ડિયાથી જરાય પાછળ નથી. પ્રોડક્ટ્સનું માર્કેટ કેપ્ચર કરી લેવા એટલે કે પ્રોડક્ટ્સના વેચાણમાં હરીફોને પછાડીને આગળ નીકળી જવામાં હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડે સાવ જ બોગસ દાવાઓ કર્યા હતા. તેના પ્રોડક્ટ્સ હોર્લિક્સમાં સાકરનું પ્રમાણ નિર્ધારિત કરતાં વધુ રાખીને જન્મથી જ ભારતીય બાળકોને વધુ પડતી સાકરના સેવનની આદત પાડવાની કુચેષ્ઠા કરવામાં આવી છે. પરિણામે હિન્દુસ્તાન યુનિલીવરની પ્રખ્યાત 'Horlicks' બ્રાન્ડ હેઠળના બે મુખ્ય ઉત્પાદનો સામે ફસાઈ- FSSAI એ લાલ આંખ કરી છે:

Horlicks Mother's Plus: ગર્ભસ્થ શિશુના 'સ્વસ્થ જન્મ વજન' (Healthy Birth Weight) જેવા ભ્રામક દાવાઓ પેકિંગ અને જાહેરાતોમાં કરવામાં આવ્યા હતા.





કાયદાકીય જોગવાઈઓ: કઈ કલમ હેઠળ કેવી સજા અને દંડ થઈ શકે?

ભારતમાં ખાદ્યપદાર્થોમાં ગેરરીતિ આચરનારાઓ સામે Food Safety and Standards Act, 2006 (FSS Act) હેઠળ નીચે મુજબની કડક કલમો થાય છે:

સેક્શન 52 (મિથ્યા બ્રાન્ડિંગ / Misbranded Food):

- **ગુનો:** લેબલ પર ખોટી વિગતો છાપવી કે શાકાહારી/માંસાહારી ચિહ્ન ન મૂકવું (જેમ કે નેસ્લે કેસમાં).
- **સજા/દંડ:** રૂ. 3 લાખ સુધીનો આર્થિક દંડ.
- **સેક્શન 53 (ભ્રામક જાહેરાતો / Misleading Advertisements):**
  - **ગુનો:** આહારથી રોગ મટી જશે કે વજન વધશે તેવા ખોટા દાવા કરવા (જેમ કે હોર્લિક્સ કે ફ્રીડમ ઓઈલ કેસ).
  - **સજા/દંડ:** રૂ. ૧૦ લાખ સુધીનો દંડ.

સેક્શન 56 (અસ્વચ્છ સ્થળે ખાદ્ય પદાર્થનું ઉત્પાદન):

- **ગુનો:** ગંદકી, માખીઓ કે અસ્વચ્છ વાતાવરણમાં ખોરાક બનાવવો (જેમ કે DNV ફૂડ્સ કે રેડિસન બ્લુ).
- **સજા/દંડ:** રૂ. ૧ લાખ સુધીનો દંડ અને લાઈસન્સ રદ.

સેક્શન 59 (અસુરક્ષિત ખાદ્યસામગ્રી / Unsafe Food):

- **ગુનો:** ડિટર્જન્ટવાળું દૂધ કે ઢોરનો ચારો માણસોના બિસ્કિટમાં વાપરવો.
- **સજા:** જો તેનાથી કોઈને ગંભીર ઈજા કે મૃત્યુ ન થાય તો પણ ૬ મહિનાથી ૬ વર્ષ સુધીની જેલ અને રૂ. ૫ લાખ સુધીનો દંડ. જો મોટું નુકસાન થાય તો આજીવન કેદ (Life Imprisonment) ની જોગવાઈ છે.

અન્ય કંપનીઓ પર કડક કાનૂની તબક્કાવાર પગલાં

કંપની / સંસ્થા	ગેરરીતિ / કસૂર	FSSAI ની કાનૂની કાર્યવાહી
Bala Ji Food Products	વારંવારની નોટિસ છતાં સ્વચ્છતા અને ફૂડ સેફ્ટીના ધોરણો સુધારવામાં નિષ્ફળતા.	લાઈસન્સ કાયમી ધોરણે રદ (Cancelled) અને ઉત્પાદન/વેચાણ પર ત્વરિત બેન.
DNV Food Products Ltd	ફેક્ટરીમાં ગંદકી, પાપડ પર માખીઓ બેસવી, કરોળિયાના ઝાળા અને ગંદુ પાણી.	લાઈસન્સ તત્કાળ અસરથી સસ્પેન્ડ (Suspended).
Radisson Blu Hotel (AB Hotels Ltd, New Delhi)	કાટમાળવાળા મશીનો, ફ્રિજ લીકેજ, ફંગસ વાળા ફળો-શાકભાજીનો ઉપયોગ અને NYC Kitchen માં વારંવાર ગરમ કરેલું 'ટોક્સિક' કુકિંગ ઓઈલ (TPC લિમિટ 31 અને 24.4).	કારણે બતાવો નોટિસ અને 'એક્શન ટેકન રિપોર્ટ' (ATR) નો આદેશ. નિષ્ફળતા પર લાઈસન્સ રદ કરવાની ચેતવણી.
Freedom Cooking Oil, BigBasket, Flipkart	ઈ-કોમર્સ અને સોશિયલ મીડિયા પર 'ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડે છે' અને '10,000+ PPM Natural Oryzanol' ના અનધિકૃત દાવા. સેન્ટ્રલ લાઈસન્સ વગર ઈ-કોમર્સ વેચાણ.	ઉત્પાદક Gemini Edibles સહિત BigBasket અને Flipkart ને નોટિસ જારી.

Horlicks Women's Plus: '૬ મહિનામાં હાડકાં મજબૂત કરવા' (Clinically proven to improve bone strength in 6 months) અને 'Healthy Muscles' જેવા નિયમવિરુદ્ધના શબ્દો વાપરીને હિન્દુસ્તાન યુનિલીવરે ભારતીય પ્રજાને ગેરમાર્ગે દોરીને પ્રોડક્ટ્સના માર્કેટ પર વર્ચસ્વ જમાવવાનો પ્રયાસ કર્યો છે. સૌથી ગંભીર બાબત એ છે કે પ્રોડક્ટ પર 'No Added Sugar' (ઉમેરેલી સાકર નથી) લખવામાં આવ્યું હતું, પરંતુ તેમાં 'Maltodextrin' નામનું ઘટક વાપરવામાં આવ્યું હતું, જે શરીરમાં જઈને સુગરનું પ્રમાણ વધારે છે. આ સિવાય કેલ્શિયમ, વિટામિન D અને K2 ના RDA (Recommended Dietary Allowance) અંગે માહિતી ખોટી હતી.

નોટિસો અને કેસ દાખલ કરવાની સાથે FSSAI એ દેશભરમાં ખોવા, પનીર, માસ અને માછલી જેવી નાશવંત (Perishable) ચીજો માટે કોલ્ડ ચેઈન સપ્લાય ટ્રાન્સપોર્ટેશન ફરજિયાત બનાવવાનો આદેશ આપ્યો છે.



કાયદાકીય કલમ: FSS Act, 2006 ની સેક્શન 24 (ભ્રામક જાહેરાત અને મિથ્યા દાવા) તથા FSS (Advertising and Claims) Regulations, 2018નો ધરાર ભંગ કર્યો છે. આ રીતે ભારતીય જનતાના અને ભારતના નવજાત શિશિઓના આરોગ્ય સાથે રમત કરવાની કોશિશ કરવામાં આવી હતી.

3. Priyagold Biscuits - Surya Food & Agro Ltd (ઢોરના ચારાનો માનવ આહારમાં ઉપયોગ!)

પ્રિયાગોલ્ડ (Priyagold) બિસ્કિટ બનાવતી કંપની સામે FSSAI એ ફોજદારી કેસ દાખલ કર્યો છે. ગ્રાહકની ફરિયાદ બાદ પાડવામાં આવેલા દરોડામાં સામે આવ્યું કે બિસ્કિટમાં 'ફાઈબર'નો સ્રોત દર્શાવવા માટે જે ઘઉના થૂલાનો ઉપયોગ થતો હતો, તેની ગુણીઓ કે થેલીઓ ઉપર સ્પષ્ટપણે 'માત્ર પશુ આહાર માટે' (For Cattle Feed Only) લખેલું હતું! આ સિવાય ફેક્ટરીમાં પેસ્ટ કંટ્રોલ, ગંદકી અને કર્મચારીઓની અસ્વચ્છતા જોવા મળી હતી. સૂર્યા ફૂડ એન્ડ એગ્રો લિમિટેડ ભારતીય પ્રજાના આરોગ્ય સાથે રમત કરી રહી હોવાનો આ બીજો મોટો પુરાવો છે.

એક્શન: FSSAI એ ફેક્ટરીનું લાઈસન્સ તુરંત જ સસ્પેન્ડ કર્યું અને કોર્ટમાં કાનૂની કેસ ચલાવવાની મંજૂરી (Prosecution



Sanction) આપી દીધી છે.

કાયદાકીય કલમ: FSS Act, 2006 ની સેક્શન 59 (અસુરક્ષિત ખાદ્યસામગ્રી બનાવવી - જેમાં ૧ વર્ષથી લઈને આજીવન કેદ સુધીની સજા થઈ શકે છે) અને સેક્શન 56 (અસ્વચ્છ સ્થળે ઉત્પાદન).

મોટો બ્રાન્ડ નેમ કે ટીવીમાં આવતી લૂભામણી જાહેરાતો જોઈને બાળકો માટે ખોરાક પસંદ કરવાને બદલે અત્યંત જાગૃત બનવું પડશે. બીજું, આ કંપનીઓને તેમની તમામ પ્રોડક્ટ્સનું વેચાણ એક વર્ષ માટે ભારતીય બજારમાં ન કરવા દેવાની ફરજ પાડવી

Dodla Dairy Ltdનું દૂધમાં ડિટર્જન્ટ અને કોસ્ટિક સોડાની ભેળસેળનું કૌભાંડ

દોડલા ડેરીના ફુલ ક્રીમ મિલ્કના નમૂના સરકારી પ્રયોગશાળામાં તપાસાતા તેમાં ફેટ (ચરબી) નું પ્રમાણ ઓછું મળ્યું હતું. જ્યારે આ સેમ્પલને 'રેફરલ ફૂડ લેબોરેટરી'માં રી-ટેસ્ટ ક રવા માં આવ્યું ત્યારે આઘાતજનક વિગતો સામે આવી કે દૂધમાં ડિટર્જન્ટ (Detergent) અને કોસ્ટિક સોડા (Caustic Soda)ની ભેળસેળ કરવામાં આવી છે. આ ડિટર્જન્ટ અને કોસ્ટિક સોડા માનવ શરીર માટે અત્યંત ઘાતક અને ઝેરી છે.



એક્શન: FSSAI એ દોડલા ડેરી અને તેના બજાર વ્યવસ્થાપકો સામે ફોજદારી કેસ (Prosecution) દાખલ કરવાનો આદેશ આપ્યો છે.

કાયદાકીય કલમ: FSS Act, 2006 ની સેક્શન 37 અને સેક્શન 59 (માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી/અસુરક્ષિત આહાર બનાવવો).

કોલ્ડ ચેઈન ટ્રાન્સપોર્ટેશન અંગે FSSAI નું મોટું પગલું

નોટિસો અને કેસ દાખલ કરવાની સાથે FSSAI એ દેશભરમાં ખોવા, પનીર, માસ અને માછલી જેવી નાશવંત (Perishable) ચીજો માટે કોલ્ડ ચેઈન સપ્લાય ટ્રાન્સપોર્ટેશન ફરજિયાત બનાવવાનો આદેશ આપ્યો છે. તાપમાનમાં સહેજ પણ ફેરફાર થવાથી બેક્ટેરિયલ ગ્રોથ (Microbial growth) થાય છે જે ઝેર સમાન બને છે. તમામ રાજ્યોના ફૂડ સેફ્ટી ઓફિસર્સને રસ્તા પર ચાલતા વાહનોનું સરપ્રાઈઝ ચેકિંગ કરીને દૂષિત માલ જપ્ત કરી તેનો નાશ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

અંતિમ અવલોકન

ગ્રાહકોએ હવે માત્ર મોટો બ્રાન્ડ નેમ કે ટીવીમાં આવતી લૂભામણી જાહેરાતો જોઈને બાળકો માટે ખોરાક પસંદ કરવાને બદલે અત્યંત જાગૃત બનવું પડશે. બીજું, આ કંપનીઓને ભારતીય પ્રજાના આરોગ્ય સાથે રમત કરતી અટકાવવા માટે તેના તમામ પ્રોડક્ટ્સનું વેચાણ એક વર્ષ માટે ભારતીય બજારમાં ન કરવા દેવાની ફરજ પાડવી જોઈએ. આ પ્રકારની જોગવાઈ કરવાથી કરોડોની ખોટ જવાના ભયથી પણ મોટી અને વિશ્વ વિખ્યાત કંપનીઓ ભારતીય બજારમાં નબળી ગુણવત્તાના પ્રોડક્ટ્સ મૂકતા પહેલા પણ પાંચવાર વિચાર કરશે.

હવે ગ્લોબલ બની રહેલા ગુજરાતના સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો

દેશની સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો થકી થતી કુલ નિકાસમાં ગુજરાત એકલું આશરે ૩૩ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. ભારતના મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં ૧૮ ટકાથી વધુ યોગદાન આપીને ગુજરાત દેશનું 'ગ્રોથ એન્જિન' બની રહ્યું છે.

છેલ્લા પાંચ વર્ષમાં એટલે કે ૨૦૨૦થી ૨૦૨૬માં ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રે, ખાસ કરીને સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોના ક્ષેત્રે અભૂતપૂર્વ અને ઐતિહાસિક હરણફાળ ભરી છે. દેશની સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો થકી થતી કુલ નિકાસમાં ગુજરાત એકલું આશરે ૩૩ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. ભારતના મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં ૧૮ ટકાથી વધુ યોગદાન આપીને ગુજરાત દેશનું 'ગ્રોથ એન્જિન' બની રહ્યું છે. વાઇબ્રન્ટ ગુજરાત નીતિઓ, 'આત્મનિર્ભર ગુજરાત' યોજનાઓ,



બંદરો સાથેની ઉત્કૃષ્ટ કનેક્ટિવિટી અને ઉદ્યોગસાહસિકોની વ્યાપારી સૂઝબૂઝને કારણે કોવિડ-૧૯ મહામારીની વૈશ્વિક મંદી અને આંતરરાષ્ટ્રીય જીઓ-પોલિટિકલ પડકારો છતાં ગુજરાતના નાના અને મધ્યમ ઉદ્યોગોએ વૈશ્વિક બજારમાં પોતાનો ડંકો વગાડ્યો છે. ગુજરાતનું ઔદ્યોગિક મોડેલ માત્ર મોટા શહેરો પૂરતું સીમિત નથી, પરંતુ ગુજરાતમાં દરેક જિલ્લામાં વિશિષ્ટ 'ક્લસ્ટર બેઝ્ડ' વિકાસ જોવા મળી રહ્યો છે. ૨૦૨૦થી ૨૦૨૬ના ગાળા દરમિયાન વાહનોના પાર્ટ્સથી લઈને એગ્રો-પ્રોસેસિંગ, પેકેજિંગ, ફાર્મા અને ઈજનેરી ક્ષેત્રે અમદાવાદ, રાજકોટ, કચ્છ-ગાંધીધામ, બનાસકાંઠા અને મહેસાણાની કંપનીઓએ વિદેશી બજારોમાં મોટો દબદબો ઊભો કર્યો છે. રાજ્યમાં ઉદ્યમ પોર્ટલ હેઠળ ૩૦ લાખથી વધુ સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોના એકમો નોંધાયેલા છે, જેણે કરોડો લોકોને રોજગારી આપવાની સાથે રાજ્યને નિકાસનું હબ બનાવ્યું છે.

ગુજરાતમાં આ વ્યાપક સફળતા કોઈ એક ચોક્કસ ક્ષેત્ર પૂરતી મર્યાદિત નથી, પરંતુ મલ્ટિ-સેક્ટરલ સ્તરે સફળતા જોવા મળી રહી છે. સ્પેશિયાલિટી કેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ એન્ડ કેપિટલ ગુડ્સ, પ્રોસેસ્ડ ફૂડ, ટેક્સટાઈલ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી જેવા મુખ્ય ક્ષેત્રોમાં મોટે પાયે નિકાસલક્ષી સફળતા મળી છે. રાજકોટનું એન્જિનિયરિંગ અને ઓટો-કોમ્પોનન્ટ ક્લસ્ટર, સુરતનું ટેક્સટાઈલ અને ડાયમંડ ક્લસ્ટર, વાપી-અંકલેશ્વરની કેમિકલ અને ફાર્મા બેલ્ટ તથા અમદાવાદ-ગાંધીનગરનો આઈટી અને ફિનટેક કોરિડોર વૈશ્વિક સપ્લાય ચેઈન સાથે સીધા જોડાઈ ચૂક્યા છે. જુદી જુદી ક્ષેત્રીય કંપનીઓએ શૂન્યમાંથી સર્જન કરીને સ્થાનિક સ્તરેથી વૈશ્વિક સ્તર (ગુજરાત ટુ ગ્લોબલ) સુધીની સફર ખેડી છે. કોરોનાની મહામારી અને ત્યારબાદના ગ્લોબલ સપ્લાય ચેઈન સંકટ દરમિયાન આ ઉદ્યોગોએ માત્ર અસ્તિત્વ ટકાવી રાખવાની કવાયત નથી કરી, પરંતુ પોતાના પ્રોડક્ટની ક્વોલિટી, આર એન્ડ ડી અને આંતરરાષ્ટ્રીય સર્ટિફિકેશન્સ મેળવીને અમેરિકા, યુરોપ, મધ્ય-પૂર્વ અને આફ્રિકાના દેશોમાં પોતાની મજબૂત પકડ જમાવી હોવાનું ગુજરાત ચેમ્બરની એમએસએમઈ કમિટિના ચેરમેન સચિન પટેલનું કહેવું છે.



અનુપમ રસાયણ ઇન્ડિયા લિમિટેડ

અનુપમ રસાયણ ઇન્ડિયા લિમિટેડ સુરત ખાતેથી નાની સ્કેલ પર શરુ થયેલી કંપની છે. 'અનુપમ રસાયણ' ૨૦૨૦-૨૦૨૬ના સમયગાળામાં ભારતના સ્પેશિયાલિટી કેમિકલ ક્ષેત્રે અગ્રણી કંપની બની ચૂકી છે. તેના એક્ઝિક્યુટિવ ચેરમેન અને પ્રમોટર કિરણ પટેલ તથા તેમની ટીમ છે. આ કંપની કસ્ટમ સિન્થેસિસ અને કોમ્પ્લેક્સ સ્પેશિયાલિટી કેમિકલ્સ (લાઇફ સાયન્સ અને એગ્રોકેમિકલ્સ/ફાર્મા ઇન્ટરમીડિએટ્સ)નું ઉત્પાદન કરે છે. અનુપમ રસાયણ અમેરિકા, યુરોપ, જાપાન અને ચીન સહિત ૨૦થી વધુ દેશોમાં પોતાની પ્રોડક્ટ્સ નિકાસ કરે છે. વૈશ્વિક મલ્ટીનેશનલ કંપનીઓ સાથે કંપનીના લાંબા ગાળાના કરારો થયેલા છે.

સ્પેશિયાલિટી કેમિકલ ક્ષેત્રે વૈશ્વિક ગ્રાહકોનો વિશ્વાસ જીતવો એ સૌથી મોટો પડકાર હતો. શરૂઆતના તબક્કામાં યુરોપિયન અને જાપાનીઝ કંપનીઓ સપ્લાય ચેઈનમાં ભારતીય સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગના એકમો પર જલ્દી ભરોસો કરતી નહોતી. ઉપરાંત ઝેરી કચરાનું વ્યવસ્થાપન (વેસ્ટ મેનેજમેન્ટ)

અને પર્યાવરણીય નિયમોનું પાલન કરવું એ ભારે ખર્ચાળ હતું. કિરણ પટેલે મોટી રકમનું રોકાણ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ તથા ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ પ્લાન્ટ્સ પાછળ કર્યું હતું. પરિણામે આંતરરાષ્ટ્રીય સ્તરે તેમના પ્રોડક્ટ્સને સરળતાથી સ્વીકૃતિ મળી હતી. તેમ જ કંપનીના થતાં ઓડિટમાં કંપની આંતરરાષ્ટ્રીય સ્તરે સરળતાથી પાસ થઈ શકી હતી.

કંપની માર્ચ ૨૦૨૧માં શેરબજારમાં લિસ્ટ થઈ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કંપનીનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૧,૬૦૦ કરોડથી વધુ નોંધાયું હતું અને FY2024-25 દરમિયાન કંપનીનું માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. ૧૩,૫૦૦ કરોડ વટાવી ગયું છે. શેરબજારમાં આ શેર એક મજબૂત અને વિશ્વસનીય કેમિકલ સ્ટોક તરીકે ટ્રેડ થઈ રહ્યો છે.

એમકો એલેકોન (ઇન્ડિયા) લિમિટેડ

ગુજરાતના ચરોતર પટ્ટામાં વિદ્યાનગર ખાતે આવેલી એમિકો એલેકોન એન્જિનિયરિંગ ક્ષેત્રનું મહત્ત્વનું નામ છે, જે ભૂગર્ભ માઇનિંગ-ઉત્ખનનના ઓજારો-ઇક્વિપમેન્ટ બનાવે છે. તેના વડા અને પ્રમોટર્સમાં ઈલેકોન ગ્રુપનાસભ્યો પ્રશાંત અમીન અને ટીમનો સમાવેશ થાય છે. કંપની રોકર શોવેલ લોડર, સાઇડ ડમ્પ લોડર, બ્લાસ્ટ હોલ ડ્રિલ અને ટનલિંગ ઇક્વિપમેન્ટ્સનું ઉત્પાદન કરે છે. ઓસ્ટ્રેલિયા, આફ્રિકન દેશો, મધ્ય-પૂર્વ અને દક્ષિણ-પૂર્વ એશિયાના ૧૫થી વધુ દેશોમાં આ કંપની એન્જિનિયરિંગ સાધનોની નિકાસ કરે છે.

કોવિડ-૧૯ લોકડાઉન (૨૦૨૦-૨૧) દરમિયાન કાચા માલ (સ્ટીલ)ના ભાવમાં થયેલો અસાધારણ વધારો અને માઇનિંગ ક્ષેત્રે આવેલી મંદી કંપની માટે કપરો કાળ હતો. વૈશ્વિક શિપિંગ કન્ટેનરના ભાડાં વધી જવાથી અને લોજિસ્ટિક્સ બંધ થવાથી નિકાસ ઓર્ડર સમયસર પહોંચાડવા મુશ્કેલ બન્યા હતા. પરંતુ, ટેકનોલોજી અપગ્રેડેશન અને સ્વદેશી ઇનોવેશન દ્વારા કંપનીએ વિદેશી કોમ્પિટિટર્સ સામે ટકીને ગ્લોબલ સપ્લાય ચાલુ રાખ્યુ હતું. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કંપનીનું વાર્ષિક ટર્નઓવર આશરે રૂ.૨૪૪ કરોડથી રૂ. ૨૬૫ કરોડની આસપાસ રહ્યું હતું. મુંબઈ સ્ટોક એક્સચેન્જ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટેડ આ સ્મોલકેપ સ્ટોકે ૨૦૨૦ના રૂ. ૩૦૦-૪૦૦ના સ્તરથી ઉછળીને ૨૦૨૪-૨૦૨૬ના ગાળામાં રૂ.૨,૨૦૦ થી રૂ. 22,50ની ઓલ-ટાઇમ હાઇ સપાટી સ્પર્શ કરીને રોકાણકારોને ઉત્કૃષ્ટ રિટર્ન આપ્યું છે.

ઇન્ફિબીમ એવેન્યુઝ લિમિટેડ

ગુજરાતમાં ઈન્ફોર્મેશન ટેક્નોલોજીના ક્ષેત્રે વૈશ્વિક ઓળખ બનાવનાર કંપની 'ઇન્ફિબીમ એવેન્યુઝ' છે. તેના મેનેજિંગ ડિરેક્ટર અને પ્રમોટર વિશાલ મહેતા છે, જેમણે અગ્રણી ગ્લોબલ કંપનીની વિદેશી નોકરી છોડીને અમદાવાદ-ગાંધીનગરમાં આઇટી કંપનીનો પાયો નાખ્યો હતો. કંપનીનું મુખ્ય પ્લેટફોર્મ CCAvenue-ડિજિટલ પેમેન્ટ ગેટવે સેવાઓ, ફિનટેક સોફ્ટવેર, અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત ફ્રોડ ડિટેક્શન ટેકનોલોજી પૂરી પાડે છે.



વાઇબ્રન્ટ ગુજરાત નીતિઓ, 'આત્મનિર્ભર ગુજરાત' યોજનાઓ, બંદરો સાથેની ઉત્કૃષ્ટ કનેક્ટિવિટી અને ઉદ્યોગસાહસિકોની વ્યાપારી સૂઝબૂઝથી ગુજરાતના સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોએ વૈશ્વિક બજારમાં પોતાનો ડંકો વગાડ્યો છે

યુનાઇટેડ આરબ અમિરાત-યુએઈ, સાઉદી અરેબિયા, ઓમાન, અમેરિકા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં ગ્લોબલ પેમેન્ટ સોલ્યુશન્સ નિકાસની નિકાસ કરે છે અને સમગ્ર સિસ્ટમ ઓપરેટ કરી આપવાની સેવા પણ પૂરી પાડે છે. કંપની મધ્ય-પૂર્વના દેશોમાં બીજા નંબરની સૌથી મોટી પેમેન્ટ ગેટવે પ્રોવાઇડર બની છે. ગુજરાતમાં આઇટી ઇકોસિસ્ટમ નહિવત જેવી હતી, ત્યારે બેંગલોર કે હૈદરાબાદના બદલે ગાંધીનગરમાં આઇટી કંપની શરૂ કરવી એ મોટું જોખમ હતું. યોગ્ય ગ્લોબલ ટેલેન્ટ લાવવું અને સાયબર સિક્યોરિટીના આંતરરાષ્ટ્રીય ધોરણો પૂરા કરવા ખૂબ કઠિન હતા. શરૂઆતના વર્ષોમાં મોટો નાણાકીય સંઘર્ષ કર્યા બાદ કંપનીએ ગાંધીનગરમાં ગિફ્ટ સિટી ખાતે પોતાનું આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ હબ સ્થાપિત કર્યું છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ (FY25) દરમિયાન કંપનીએ ૨૦,૦૦૦ કરોડથી વધુનું ગ્રોસ કન્સોલિડેટેડ ટર્નઓવર ક્ષમતા દર્શાવી હતી અને ૨૦૨૫-૨૬ અને નાણાંકીય વર્ષ 2026-27નાના અત્યાર સુધીના સમયગાળા સુધીમાં કંપનીની કુલ ટર્નઓવર થકી થતી વાર્ષિક આવક-ગ્રોસ ઇન્કમ રૂ. ૬,૦૦૦ કરોડને વટાવી ગઇ છે. શેરબજારમાં એનએસઇ અને બીએસઇમાં આ કંપની લિસ્ટેડ છે અને ફિનટેક સ્પેસમાં સક્રિય ટ્રેડિંગ વોલ્યુમ ધરાવે છે.

શ્રી રાધે ડેરી ફેક્ટરી અને વાસ્તુ ઘી

સુરત સ્થિત શ્રી રાધે ડેરી વિથ બ્રાન્ડ 'વાસ્તુ'એ ગુજરાતના સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગના ક્ષેત્રનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. તેના ફાઉન્ડર અને પ્રમોટર ભૂપત સુખડિયા છે. કંપની શુદ્ધ પ્રિઝર્વેટિવ-ફ્રી દેશી ઘી અને ડેરી પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરે છે.

મધ્ય-પૂર્વના દેશો અને આફ્રિકાના દેશોમાં ભારતીય ડાયસ્પોરા માટે ઘી અને પ્રોસેસ્ડ ડેરી પ્રોડક્ટ્સની નિકાસ કરે છે. ભૂપત સુખડિયાએ ૨૦૧૦-૧૫ના ગાળામાં આશરે રૂ. ૪૦ લાખની નાની મૂડીથી કામ શરૂ કર્યું હતું. શરૂઆતમાં વિતરણ ચેનલોમાં વર્કિંગ કેપિટલ અટવાઈ જવું અને ઉધાર નાણાં ન ચૂકવાવા એ સૌથી મોટી વ્યથા હતી. સપ્લાયર્સ નાણાં રોકી લેતા હતા. આ સંઘર્ષમાંથી બહાર આવવા તેમણે એડવાન્સ પેમેન્ટ મોડેલ અપનાવ્યું અને પેકેજિંગમાં લીકેજ-પ્રૂફ કન્ટેનર રિસર્ચ કરીને બજારમાં ક્વોલિટીથી નામ બનાવ્યું હતુ. કંપનીએ સફળતાપૂર્વક રૂ. ૧૦૦ કરોડ ના વાર્ષિક ટર્નઓવરનો માઇલસ્ટોન પાર કર્યો છે. એમએસએમઇના સેક્ટરની આ બિન-લિસ્ટેડ પ્રાઇવેટ લિમિટેડ કંપની છે.



ગુજરાતનું ઔદ્યોગિક મોડેલ માત્ર મોટા શહેરો પૂરતું સીમિત નથી, પરંતુ રાજ્યના દરેક જિલ્લામાં વિશિષ્ટ 'ક્લસ્ટર બેઝ્ડ' વિકાસ જોવા મળી રહ્યો છે

ટેકનોપેક પોલિમર્સ લિમિટેડ


અમદાવાદ સ્થિત આ કંપનીના મુખ્ય પ્રમોટર્સ ચેતન શાહ અને કલ્પના શાહ છે. અમદાવાદના ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાંથી ખૂબ જ નાના પાયે આ બિઝનેસની શરૂઆત થઈ હતી. કંપની હાઈ-ક્વોલિટી પ્રીફોર્મ્સ, સીસીએલ કેપ્સ અને પ્લાસ્ટિક પેકેજિંગ સોલ્યુશન્સ પૂરા પાડે છે. આ કંપનીની પ્લાસ્ટિકની બોટલ્સ પીવાના પાણી, સોફ્ટ ડ્રિંક્સ અને ફાર્માસ્યુટિકલ બોટલિંગ માટે વપરાય છે. આજે આ કંપની આફ્રિકન દેશો, મધ્ય-પૂર્વ અને દક્ષિણ એશિયાના ૧૫થી વધુ દેશોમાં પોતાના ઉત્પાદનોની નિકાસ કરે છે. શરૂઆતના દિવસોમાં અમદાવાદના સ્થાનિક બજારમાં મોટી કંપનીઓ સામે કિંમત અને ગુણવત્તામાં ટકી રહેવા ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો. આ એક મોટો પડકાર હતો. ૨૦૨૦-૨૧માં કોરોનાની મહામારી દરમિયાન પ્લાસ્ટિક રો-મટીરિયલ - પોલિમર ગ્રેન્યુલ્સના ભાવમાં ૫૦ ટકા સુધીનો ભયાનક ઉછાળો આવ્યો હતો, જેના કારણે વર્કિંગ કેપિટલ અટવાઈ ગયું હતું. પ્રમોટર્સે લોકલ બજાર પર નિર્ભર રહેવાને બદલે ઓટોમેટેડ યુરોપિયન મશીનરી લાવીને ઇન્ટરનેશનલ ફૂડ-ગ્રેડ સર્ટિફિકેશન મેળવ્યા અને નિકાસ માર્ગ પસંદ કર્યો હતો.

નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કંપની બીએસઈ એસએમઇ પ્લેટફોર્મ પર સફળતાપૂર્વક લિસ્ટ થઈ હતી. કંપનીનું વાર્ષિક ટર્નઓવર રૂ.૭૫ કરોડથી રૂ.૯૦ કરોડની રેન્જમાં પહોંચ્યું છે અને લિસ્ટિંગ બાદ તેના સ્ટોકે નાના રોકાણકારોને સ્થિર વળતર આપ્યું છે.

જ્યોતિ સીએનસી ઓટોમેશન લિમિટેડ

રાજકોટને એન્જિનિયરિંગ હબ બનાવવામાં જેનો સિંહફાળો આપનાર જ્યોતિ સીએનસીના પ્રમોટર અને મેનેજિંગ ડિરેક્ટર પરાક્રમસિંહ જાડેજા છે. તેમણે ૧૯૮૦ના દાયકામાં રાજકોટમાં એક નાની ગેરેજ જેવી વર્કશોપથી શરૂઆત કરી હતી. કંપની અદ્યતન સીએનસી મશીન, મલ્ટી-એક્સિસ મશીનિંગ સેન્ટર્સ અને એરોસ્પેસ તથા ઓટોમોબાઇલ ઉદ્યોગ માટેના હાઇ-પ્રિસિઝન કટીંગ મશીનો બનાવે છે. આજે ફ્રાન્સ, જર્મની, રોમાનિયા, પૂર્વ યુરોપ અને એશિયાઇ દેશો સહિત ૫૦થી વધુ દેશોમાં નિકાસ કરે છે. કંપનીએ ફ્રાન્સની હૂરોન ગ્રાફેનસ્ટેડન નામની ગ્લોબલ કંપનીનું ટેકઓવર કરીને ઇતિહાસ રચ્યો છે.

પરાક્રમસિંહ જાડેજાની સફળતા પાછળ ભારે વ્યથા અને કટોકટીનો સમય રહ્યો છે. ૨૦૦૭-૦૮માં ફ્રેન્ચ કંપની ખરીદ્યા બાદ ૨૦૦૯ની ગ્લોબલ મંદીના તબક્કામાં કંપની પર ભારે દેવું થઈ ગયું હતું. ફ્રાન્સના પ્લાન્ટના લેબર કાયદાઓ અને રાજકોટમાં ટેકનોલોજીકલ રિસર્ચના અભાવે કંપની



ગુજરાત સરકારે ઉદ્યોગ માટે કરેલી સુવિધાઓ

1 નવા બિઝનેસ અને સ્ટાર્ટઅપ્સ માટે સહાય

- નવો બિઝનેસ શરૂ કરવા માટે 1 વર્ષ સુધી દર મહિને રૂ. 25,000ની સહાય.
- મહિલા સહ-સ્થાપક હોય તો દર મહિને રૂ.30,000ની સહાય.
  હાઈ-ટેક, ફિનટેક અને ગ્રીન સેક્ટરના સ્ટાર્ટઅપ્સને 2 વર્ષ સુધી સહાય.
- સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ માટે રૂ.30 લાખથી રૂ.50 લાખ સુધીની સહાય.
- ટર્મ લોન પર વધારાની 1 ટકા વ્યાજ સબસિડી.



2 મહિલા ઉદ્યોગસાહસિકો માટે

- બેંક લોન પર વધારાની 1 ટકાની વ્યાજ સબસિડી.
- ભાડાની જગ્યામાં કામ કરતા એકમોને 75 ટકા ભાડાની સહાય, વાર્ષિક મહત્તમ રૂ.3 લાખ સુધી, 5 વર્ષ માટે.
- ફેમિલી બિઝનેસ શરૂ કરવા માટે તાલીમ સહાય.



3 નાના, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે

- મશીનરીની ખરીદી અને પ્લાન્ટ સ્થાપન માટે સહાય.
- વીજળીના બિલમાં રાહત (પાવર ટેરિફ સબસિડી).
- પાત્ર વિસ્તારોમાં (કેટેગરી A અને B) પ્રોજેક્ટ ખર્ચના 35 ટકાથી 45 ટકા સુધીની સહાય.
- SC/ST ઉદ્યોગસાહસિકોને વધારાની 5 ટકા સહાય.



4 રોજગાર અને કૌશલ્ય વિકાસ

- સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગ માટે મેનેજમેન્ટ અને ડેવલપમેન્ટ કાર્યક્રમો માટે સહાય.
- સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર સ્થાપવા માટે 50 ટકાથી 75 ટકા સુધીની સરકારી સહાય.



5 જમીન અને સુવિધાઓ માટે સહાય

- GIDCમાં નવા એકમો માટે પ્લોટ અને અન્ય સુવિધાઓ અંગે સહાય.
- મહિલાઓ માટે વર્કિંગ વિમેન્સ હોસ્ટેલ બનાવવા માટે સહાય.
- હોસ્ટેલ અને ડોર્મિટરી માટે કુલ પ્રોજેક્ટ ખર્ચના 40 ટકાથી 80 ટકાસુધીની સહાય.



6 વિશેષ પ્રોત્સાહન યોજના

- પ્રોજેક્ટ T.H.R.I.V.E. હેઠળ વિશેષ પ્રોત્સાહનો.
- રોજગાર સર્જન અને ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન.
- કરવેરા અને અન્ય સુવિધાઓ અંગેની વિગતો માટે મૂળ નીતિનો સંદર્ભ જરૂરી છે.



નાદાર થવાની આરે પહોંચી ગઈ હતી. બેંકોનું દબાણ હોવા છતાં, પરાક્રમસિંહે હિંમત ન હારી અને 'ઇસરો' તથા ડિફેન્સ ક્ષેત્ર માટે સ્વદેશી મશીનો બનાવીને તમામ દેવું ભરપાઈ કર્યું હતું. જાન્યુઆરી ૨૦૨૪ માં કંપનીનો મેઈનબોર્ડ આઈપીઓ-પબ્લિક ઇશ્યૂ આવ્યો હતો. રોકાણકારો તરફથી પબ્લિક ઇશ્યૂને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કંપનીનું ટર્નઓવર રૂ. ૧,૩૦૦ કરોડ વટાવી ગયું હતું અને માર્ચ ૨૦૨૬ સુધીમાં તેનું માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. ૨૫,૦૦૦ કરોડ થી વધુ નોંધાયું છે.

અગ્રવાલ પેકર્સ-કચ્છ પોર્ટ એન્ડ લોજિસ્ટિક્સ હબ

ગાંધીધામ અને કંડલા-મુંદ્રા પોર્ટ બેલ્ટમાં 'ગણેશ બેન્ઝોપ્લાસ્ટ' અને સ્થાનિક લોજિસ્ટિક્સ એમએસએમઈ એકમો એટલે કે અગ્રવાલ અને અલ્કલી-કેમિકલ હેન્ડલિંગ ફર્મ્સના પ્રમોટર્સમાં મહેન્દ્ર ગુમા તથા સ્થાનિક કચ્છી સાહસિકોનો સમાવેશ થાય છે. મુંદ્રા અને કંડલા પોર્ટના ઉપયોગ દ્વારા ટિમ્બર પ્રોસેસિંગ, કેમિકલ સ્ટોરેજ ટર્મિનલ્સ અને આંતરરાષ્ટ્રીય કાર્ગો હેન્ડલિંગનું કામ ચાલતું હતું. કચ્છમાંથી યુનાઇટેડ કિંગડમ-બ્રિટન અને અમેરિકા તથા આફ્રિકામાં કેમિકલ લોજિસ્ટિક્સ તથા સપ્લાય ચેઇન સોલ્યુશન્સ સપ્લાય કરવામાં આવે છે. ૨૦૦૧ના ભૂકંપ બાદ કચ્છના ગાંધીધામમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર શૂન્ય થઈ ગયું હતું. વારંવાર આવતા વાવાઝોડા ને કારણે પોર્ટ પર કરોડો રૂપિયાનો નિકાસ માલ નાશ પામતો હતો. આ વિસ્તારમાં ૨૦૨૩નું 'બિપરજોય' વાવાઝોડું ત્રાટક્યું હતું. લોજિસ્ટિક્સ એકમોએ સાયક્લોન-પ્રૂફ વેરહાઉસિંગ અને ટેન્ક ટર્મિનલ્સ વિકસાવીને આ નુકસાન સામે વિજય મેળવ્યો હતો. આ ક્ષેત્રની મધ્યમ કદની લોજિસ્ટિક્સ ફર્મોનું સંયુક્ત ટર્નઓવર રૂ. ૩૦૦ કરોડથી વધીને રૂ. ૫૦૦ કરોડના સ્તરે પહોંચ્યું છે.

એગ્રો-પ્રોસેસિંગ અને ડેરી એક્સપોર્ટ – બનાસ ડેરી

બનાસકાંઠા જિલ્લાને વૈશ્વિક ઓળખ



આપનાર બનાસ ડેરી એટલે કે બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન શંકરભાઇ ચૌધરી છે. ડેરીના સભાસદો તરીકે સ્થાનિક ખેડૂત સમુદાય છે. દામા ખાતે બટાકા પ્રોસેસિંગનો ફ્રેન્ચ ફ્રાઈઝનો પ્લાન્ટ, દૂધનો પાઉડર, ઘી, ઓર્ગેનિક મધ અને ડેરી વાહનો દ્વારા પ્રોસેસ્ડ પ્રોડક્ટ્સ પ્રોડક્ટ્સ તૈયાર કરીને કાઠું કાઢ્યું છે.બનાસકાંઠામાંથી ફ્રોઝન ફ્રેન્ચ ફ્રાઈઝ અને ડેરી પ્રોડક્ટ્સ સિંગાપોર, મલેશિયા, દુબઈ અને ફિલિપિન્સ જેવા ૧૨ થી વધુ દેશોમાં નિકાસ થાય છે. બનાસકાંઠા રણ વિસ્તાર ધરાવતો જિલ્લો છે, જ્યાં ભૂગર્ભ જળ ઊંડા છે અને બટાકા તથા દૂધ ઉત્પાદકોને વચેટિયાઓ દ્વારા ભાવ મળતા નહોતા. પાણીની અછત વચ્ચે ખેડૂતોને ટપક સિંચાઈ તરફ વાળવા અને વિશ્વકક્ષાના ફ્રોઝન પ્રોસેસિંગ પ્લાન્ટ સ્થાપવા માટે સ્થાનિક સહકારી નેતાઓએ ભારે વિરોધ અને નાણાકીય કટોકટી વેઠવી પડી હતી. ૨૦૨૦-૨૧ના કોરોનાની મહામારીના સમયમાં જ્યારે લોજિસ્ટિક્સ બંધ હતું, ત્યારે પણ રોજના લાખો લીટર દૂધ અને બટાકાનું પ્રોસેસિંગ ચાલુ રાખીને નિકાસ જાળવી રાખી હતી. બનાસડેરીનું વાર્ષિક ટર્નઓવર ૨૦૨૩-૨૪/૨૦૨૫ ના ગાળામાં રૂ. ૧૮,૦૦૦ કરોડને વટાવી ગયું છે. તેમાં એગ્રો-એમએસએમઇ પ્રોસેસિંગ યુનિટ્સનો ફાળો રૂ. ૧,૫૦૦ કરોડથી વધુ છે.

એક્યુલાઇફ હેલ્થકેર-નીલકંઠ એન્જિનિયરિંગ

મહેસાણા જિલ્લાનો કડી-છત્રાલ ઔદ્યોગિક પટ્ટો ફાર્મા અને મશીનરીનું હબ છે. અહીંની અગ્રણી ફાર્મા એમએસએમઇ 'એક્યુલાઇફ હેલ્થકેર'નું ના પ્રમોટર નિરમા ગૃપ છે. ઇન્ટ્રાવ્યુઝન ફ્લુઇડ્સ, પેરેન્ટરલ ઇંજેક્શન્સ અને મેડિકલ ડિવાઇસિસ બનાવે છે. લેટિન અમેરિકા, આફ્રિકા, પૂર્વ યુરોપ અને દક્ષિણ-પૂર્વ એશિયાના ૭૦થી વધુ દેશોમાં અહીં ઉત્પાદિત દવાઓ અને મેડિકલ ડ્રિપ્સ નિકાસ થાય છે. ફાર્માસ્યુટિકલ સેક્ટર માટે અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન અને વિશ્વ આરોગ્ય સંસ્થાના ગુડ મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિશના કડક નિયમોનું પાલન કરવું એ સૌથી મોટી અગ્નિપરીક્ષા હતી. મહેસાણાના ગ્રામીણ વિસ્તાર નજીક હોવાથી સતત વીજ પુરવઠો અને શુદ્ધ પાણી મેળવવામાં શરૂઆતમાં ભારે મુશ્કેલી પડી હતી. ૨૦૨૧માં કોવિડની બીજી લહેર દરમિયાન લાઇફ-સેવિંગ IV ફ્લુઇડ્સ અને સ્ટીરોઇડ્સનું ૨૪ કલાક ઉત્પાદન ચાલુ રાખવા માટે કાચો માલ મળવો મુશ્કેલ હતો, પરંતુ કંપનીએ ગ્લોબલ સપ્લાય ચેઇન તૂટવા દીધી નહોતી. એક્યુલાઇફ હેલ્થકેર અને કડી-છત્રાલ ફાર્મા ક્લસ્ટરમાં એકમ ધરાવતી આ કંપનીનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૮૦૦ કરોડથી રૂ. ૧,૨૦૦ કરોડની રેન્જમાં રહ્યું છે.

આમ ગુજરાતના ઉદ્યોગસાહસિકો કોઈ પણ પ્રતિકૂળતા કે ભૌગોલિક પડકારો સામે નમતું જોખતા નથી. તેમણે સ્થાનિક મર્યાદાઓને ઓળંગીને વિશ્વસ્તરીય ટેકનોલોજી અપનાવી છે અને 'મેક ઇન ઇન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ' નું સ્વપ્ન સાકાર કર્યું છે. તેમ જ ગુજરાતના સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો માત્ર પરંપરાગત ઉત્પાદન સુધી સીમિત ન રહેતા, ટેકનોલોજી, ગુણવત્તા, અને ગ્લોબલ સર્ટિફિકેશન્સ અપનાવીને વિશ્વ ફલક પર સ્થાન જમાવ્યું છે. સ્થાનિક સંઘર્ષો, નાણાકીય કટોકટી અને આંતરરાષ્ટ્રીય સપ્લાય ચેઇનની તકલીફો વચ્ચે પણ ગુજરાતના પ્રમોટર્સની ધંધો કરવાની કોઠાસૂઝ અને હિંમતે રાજ્યને 'ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ એન્ડ એક્સપોર્ટ હબ' બનાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે. ■

ગુજરાતે સ્પેશિયાલિટી કેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ એન્ડ કેપિટલ ગુડ્સ, પ્રોસેસ્ડ ફૂડ, ટેક્સટાઈલ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી જેવા મુખ્ય ક્ષેત્રોમાં મોટે પાયે નિકાસલક્ષી સફળતા મેળવી છે

ગુજરાતના સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોની સફળતાની ગાથા વચ્ચે વ્યથાની કથા

એમએસએમઈની સૌથી મોટી સમસ્યા સમયસર પેમેન્ટ ન મળવાની છે. સરકારે તેમના હિતમાં 45 દિવસના પેમેન્ટનો નિયમ કરી આપ્યો છે. છતાંય તેમની નાણાંકીય કટોકટીનો અંત આવતો નથી.

ગુજરાતથી ગ્લોબલ સુધીની સફર કરનારા અને ન કરી શકનારા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગના એકમો આજે પણ અનેક વિધ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ભારત તેમજ ગુજરાતના અર્થતંત્રનો કરોડરજ્જુ સમાન સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોએ છેલ્લા ૧૨ થી ૧૮ મહિનાઓમાં એટલે કે ૨૦૨૫-૨૬ અને 2026-27 દરમિયાન કેટલાક ગંભીર નાણાકીય અને નીતિ વિષયક પડકારો ઊભા થયા છે.

એમએસએમઈની સૌથી મોટી સમસ્યા સમયસર પેમેન્ટ ન મળવાની છે. સરકારે તેમના હિતમાં 45 દિવસના પેમેન્ટનો નિયમ કરી આપ્યો છે. છતાંય તેમની નાણાંકીય કટોકટીનો અંત આવતો નથી. જાન્યુઆરી 2025થી સપ્ટેમ્બર 2026ના ગાળાની વાત કરવામાં આવે તો કલમ 43-બી (એચ) હેઠળ કોઈ મોટો ખરીદદાર સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગની કેટેગરીમાં આવતા એકમો પાસેથી માલ કે સેવા લે છે, તો તેણે લેખિત કરાર કર્યા હોય તો ૪૫ દિવસમાં અને કરાર ન હોય તો ૧૫ દિવસમાં ચુકવણી કરવી કાયદાકીય જોગવાઈ હેઠળ ફરજિયાત છે. જો સમયસર ચુકવણી ન થાય, તો મોટી કંપનીઓ તે રકમનો ટેક્સ ડિડક્શન (કપાત) તેમના આવકવેરાના રિટર્નમાં ક્લેઈમ કરી શકતી નથી. તેમ જ આ બાબતનો ઉલ્લેખ તેમને તેમના વાર્ષિક સરવૈયામાં કરવાનો હોય છે. વાસ્તવમાં મોટી કંપનીઓ તેમના સરવૈયામાં એટલે કે બેલેન્સશીટમાં તેનો ઉલ્લેખ કરતી જ નથી.

કેન્દ્ર સરકારે સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઔદ્યોગિક એકમોને વગર ગેરંટીએ ધિરાણ આપવા અને નવો વ્યવસાય શરૂ કરવા માટે સબસિડી પૂરી પાડતી યોજનાઓ તૈયાર કરેલી છે

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝની એમએસએમઈ કમિટીના પૂર્વ પ્રમુખ અને હાલના સલાહકાર તેજસ મહેતાનું કહેવું છે કે, “માત્ર મોટા ઉદ્યોગો સમયસર પેમેન્ટ નથી કરતાં તેવું નથી. નાના એકમો પણ 45 દિવસના પેમેન્ટના નિયમનું પાલન કરતાં નથી. આ એમએસએમઈની મોટામાં મોટી સમસ્યા છે. આમ સમયસર પેમેન્ટ ન મળવું તે સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોની મોટામાં મોટી તકલીફ છે.“ પેમેન્ટની સાઇકલ ખોરવાઈ જતાં નાના અને મધ્યમ ઉદ્યોગોના તમામ ગણિતો ફરી જાય છે. તેની સીધી અસર હેઠળ ધંધાના અસ્તિત્વ સામે જ મોટું જોખમ આવી જાય છે. નાના અને મધ્યમ ઉદ્યોગનો આ સૌથી સળગતો પ્રશ્ન આ જ છે.

તેજસ મહેતાનું કહેવું છે: “સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને મળવાપાત્ર સબસિડી પણ સમયસર મળતી નથી. તેમને માટે વિકસિત ગુજરાતની



ઔદ્યોગિક નીતિમાં કે અગાઉની નીતિઓમાં સબસિડીની અનેક યોજનાઓ જાહેર કરવામાં આવેલી છે. આ યોજનાઓ હેઠળ સબસિડી મેળવવાને પાત્ર બનતા સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગોની સબસિડી ઘણીવાર બે કે ત્રણ વર્ષ સુધી મળતી જ નથી. તેની અસર પણ તેમના અસ્તિત્વને હચમચાવી દેવા પૂરતી છે. સબસિડીની યોજનાઓમાં કહેવા માટે તો ઘણું બધું લખાયેલું હોય છે. વાસ્તવમાં તે થતું જ નથી. કેપિટલ સબસિડી અને ટર્મલોનની સબસિડીઓ અંગેની યોજના છે. તેમાં સીલિંગ પણ એટલે કે અપર લિમિટ પણ વધારી આપવામાં આવેલી છે. તેમા ટકાવારી પણ વધારી આપવામાં આવી છે. તેમાં ઉદ્યોગોને લાભ પણ સારો થાય તેવી જોગવાઇ કરવામાં આવી છે. તેનો અમલ કેવો થાય છે તે મોટો સવાલ છે. તેનો અમલ કેટલો ઝડપથી થાય છે તેના પર જ ઉદ્યોગોને મળનારા પ્રોત્સાહનનો સમાવેશ થાય છે." નાના ઉદ્યોગોની લાચારી એ છે કે તેઓ આ અંગે ફરિયાદ કરી શકતા નથી.તેઓ ફરિયાદ કરવા જાય તો સંપૂર્ણ ધંધો બંધ થઇ જવાની દહેશત રહેલી છે. મોટા ઉદ્યોગ તો તેમને સાથેનો ધંધો જ બંધ કરી દેવાની ચિમકી આપીને તેમને દબાવે છે. પેમેન્ટના 45 દિવસનો નિયમ બતાવનારી નાની કંપનીઓને મોટી કંપનીઓ ગુજરાતના જ સૂક્ષ્મ, નાના અને મધ્ય ઉદ્યોગો પાસેથી ઓર્ડર લેવાનું ઘટાડી દેવાનું અથવા ટાળવાનું શરૂ કરી દે છે.

મોટી કંપનીઓ પેમેન્ટ ટર્મ્સ લંબાવવા માટે ત્રીજા પક્ષના સપ્લાય ચેઇન ફાઇનાન્સ અથવા TReDS એટલે કે ટ્રેડ રિસીવેબલ્સ ડિસ્કાઉન્ટિંગ સિસ્ટમ હેઠળ અદ્યતન ડિજિટલ પ્લેટફોર્મ થકી પેમેન્ટ લેવાની દરખાસ્ત મૂકે છે. ભારતમાં હાલમાં આરબીઆઇ દ્વારા માન્યતા પ્રાપ્ત TReDS એક્સચેન્જ તરીકે ઘણાં પ્લેટફોર્મ કાર્યરત છે. સરળ શબ્દોમાં કહીએ તો TReDS એક એવું ઓનલાઇન બજાર છે જ્યાં નાના ઉદ્યોગકારો મોટા કોર્પોરેટ ગ્રાહકો પાસેથી મળવાના બાકી નાણાંના ઇન્વોઇસ કે બિલ બેંકોને વેચીને તરત જ રોકડા નાણાં કાર્યકારી મૂડી તરીકે વાપરવા મેળવી શકે છે. આ સિસ્ટમમાં નાના ઉદ્યોગને કાર્યકારી મૂડીની સમસ્યા નડતી નથી. આ સિસ્ટમમાં ખરીદ કરનારી મોટી કંપની કે નાની કંપનીઓ



પ્લેટફોર્મ પર આવીને તે બિલ સાચું હોવાની મંજૂરી આપે છે. બિલ મંજૂર થતાં જ પોર્ટલ પર જોડાયેલી અલગ-અલગ બેંકો તે બિલ ખરીદવા માટે વ્યાજના દરની બોલી લગાવે છે. માલનો સપ્લાય આપનાર વેપારી સૌથી ઓછું વ્યાજ લેતી બેંકની બોલી પસંદ કરે છે અને બેંક તે વેપારીને ૨૪ થી ૭૨ કલાકમાં નાણાં ચૂકવી દે છે. બિલની નિયત તારીખ એટલે કે 45માં દિવસે ખરીદનાર કંપની સીધા જ તે બેંકને પૂરેપૂરી રકમ ચૂકવી દે છે. તેમાં વ્યાજ ચૂકવવાનું બર્ડન માલ વેચનાર નાના સપ્લાયરને માથે આવી જાય છે. જોકે તેમાં હવે વ્યાજ ખર્ચ કોણ ભોગવશે તેવો વિકલ્પ મળી રહ્યો હોવાથી સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને રાહત મળી રહી છે.

હા, આ સિસ્ટમમાં બે ત્રણ દિવસમાં જ નાણાં પરત મળી તો જાય છે. તેમાં નાના વેપારીઓએ લોન લેવા માટે કોઇ મિલકત ગીરો મૂકવી પડતી નથી. તેમ જ પૈસા મળી જતાં બિઝનેસ અટકતો નથી. ભવિષ્યમાં માલ ખરીદનાર કંપની બેંકને નાણાં ચૂકવવામાં ડિફોલ્ટ કરે, તો પણ બેંક નાના વેપારી પાસેથી પૈસા પાછા માંગી શકતી નથી. ઘણી બધી બેંકો સ્પર્ધા કરતી હોવાથી વેપારીને ખૂબ જ ઓછા વ્યાજ દરે નાણાં મળી રહે છે. પરંતુ આ વ્યાજદરનો બોજો સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને માથે આવી જાય છે તે જ મોટી સમસ્યા છે. જોકે હવે વ્યાજ ખર્ચનો બોજ કોણ વેંઢારશે તેવો વિકલ્પ પસંદ કરવાનો વિકલ્પ મળી ગયો હોવાથી સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને ખાસ્સી રાહત મળી ગઇ છે.

ઘણા નાના ઉદ્યોગો પોતાનો રજિસ્ટ્રેશન સ્ટેટસ બદલવા કે વેપાર બચાવવા માટે



ઉત્પાદકને બદલે વેપારી તરીકે કામ કરવા મજબૂર બન્યા છે. દસ્તાવેજો અને કોલેટરલ સિક્યોરિટીના અભાવે નાના સાહસિકોને બેંકો પાસેથી સમયસર ધિરાણ મળતું નથી. પરિણામે, તેમણે બજારમાંથી ૧૮ ટકાથી ૩૬ ટકાના ઊંચા વ્યાજે નાણાં મેળવવા પડે છે, જે તેમની પ્રોફિટેબિલિટી ખતમ કરી નાખે છે.

કેન્દ્ર સરકારની નાણાકીય અને પ્રોત્સાહક યોજનાઓ

કેન્દ્ર સરકારે સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઔદ્યોગિક એકમોને વગર ગેરંટીએ ધિરાણ આપવા અને નવો વ્યવસાય શરૂ કરવા માટે સબસિડી પૂરી પાડતી યોજનાઓ તૈયાર કરેલી છે. CGTMSE સ્કીમ હેઠળ નાના ઉદ્યોગોને કોઇપણ પ્રોપર્ટી ગીરો મૂક્યા વિના રૂ. ૫ કરોડ સુધીની ક્રેડિટ ગેરંટી લોન મળે છે. ઉપરાંત, PMEGP સ્કીમ દ્વારા નવા સાહસિકોને ઉત્પાદન અને સેવા ક્ષેત્રે ૧૫ ટકાથી ૩૫ ટકા સુધીની માર્જિન મની સબસિડી આપવામાં આવે છે. તેની સાથે જ, ઝીરો ડિફેક્ટ, ઝીરો ઇફેક્ટ સર્ટિફિકેશનના માધ્યમથી ઉત્પાદનની ગુણવત્તા વધારવા અને પર્યાવરણ અનુકૂળ ઉત્પાદન માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની સુવિધાઓ

રિઝર્વ બેન્કે સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોની કાર્યકારી મૂડીની અછત દૂર કરવા અને બેન્કિંગ સપોર્ટ વધારવા માટે નીતિગત માળખું પૂરું પાડે છે. આ સુવિધા છે TReDS પ્લેટફોર્મની. તેના માધ્યમથી નાના ઉદ્યોગો તેમના બાકી બિલ પર બેંકો પાસેથી તુરંત ડિસ્કાઉન્ટિંગ કરાવીને રોકડ રકમ મેળવી શકે છે, જેથી ચુકવણીમાં વિલંબ થાય તો પણ ધિરાણ અટકતું નથી. આ સિવાય કો-લેન્ડિંગના મોડેલના માધ્યમથી બેંકો અને નોન બેન્કિંગ ફાઇનાન્સ કંપનીઓ સાથે મળીને સસ્તા વ્યાજે સૂક્ષ્મ, નાના અ મધ્યમ ઉદ્યોગોને લોન આપે છે. તેમ જ પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગના નિયમો હેઠળ બેંકો માટે સૂક્ષ્મ, નાના અ મધ્યમ ઉદ્યોગોને નિશ્ચિત ટકાવારીમાં ધિરાણ આપવાની વ્યવસ્થાનો અમલ ફરજિયાત કરવામાં આવ્યો છે.





TReDS એક્સચેન્જ પર બિલ વેચીને કાર્યકારી મૂડી માટેના પૈસા સૂક્ષ્મ, લઘુ ને મધ્યમ ઉદ્યોગો મેળવી શકે છે, પરંતુ તેના વ્યાજ ખર્ચનો બોજો તેમને માથે આવી છે, જોકે TReDSમાં હવે વ્યાજ ખર્ચ કોણ ભોગવશે તે નક્કી કરવાનો વિકલ્પ મળી રહ્યો હોવાથી સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને રાહત મળી રહી છે

ગુજરાત સરકારની ઇન્સેન્ટિવ અને પ્રોત્સાહક યોજનાઓ

ગુજરાત સરકાર રાજ્યના નાના અને મધ્યમ ઉદ્યોગોને સ્થાનિક સ્તરે મજબૂત કરવા માટે 'આત્મનિર્ભર ગુજરાત ઇન્સેન્ટિવ સ્કીમ' હેઠળ વિશિષ્ટ નાણાકીય લાભો આપે છે. આ યોજના હેઠળ નવા અને વિસ્તાર પામતાં-એક્સપાન્ડ થતાં ઉત્પાદક એકમોને પ્લાન્ટ અને મશીનરીની ખરીદી પર કેપિટલ સબસિડી તેમજ ટર્મ લોન પર ૫ થી ૭ વર્ષ માટે ૫ ટકાથી ૭ ટકા સુધીની વ્યાજ સબસિડી પૂરી પાડવામાં આવે છે. તેનાથી ઉદ્યોગોનો ઉત્પાદન ખર્ચ ઘટે છે અને તેમની સ્પર્ધાત્મક ક્ષમતા વધે છે.

કેન્દ્ર સરકારની મુખ્ય યોજનાઓ

ક્રેડિટ ગેરંટી ફંડ ટ્રસ્ટ ફોર માઇક્રો એન્ડ સ્મોલ એન્ટરપ્રાઇઝિસની વ્યવસ્થા હેઠળ કોઈપણ પ્રકારની કોલેટરલ સિક્યોરિટી કે થર્ડ પાર્ટી ગેરંટી વગર રૂ. ૫ કરોડ સુધીની લોન ઉપલબ્ધ પણ કરાવવામાં આવી રહી છે. નવા અને હયાત સૂક્ષ્મ અને લઘુ ઉત્પાદકો અને સેવા પૂરી પાડતા એકમો 'ઉદ્યમ પોર્ટલ' રજિસ્ટ્રેશન સાથે બેંક મારફતે અરજી કરી શકે છે.

પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ

ઉત્પાદન ક્ષેત્ર માટે રૂ. ૫૦ લાખ અને સેવા ક્ષેત્ર માટે રૂ. ૨૦ લાખ સુધીની આ યોજના છે. યોજનામાં ૧૫ ટકાથી ૩૫ ટકા સુધીની માર્જિન મની સબસિડી મળે છે. તેને માટે KVIC-KVIBના એટલે કે ખાદી અને વિલેજ ઇન્ડસ્ટ્રીઝ કમિશનના ઓનલાઈન પોર્ટલ મારફતે સીધી અરજી કરી શકે છે.

ગુજરાત સરકારની યોજનાઓ

ગુજરાત સરકાર પણ સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને કેપિટલ અને વ્યાજ સબસિડી આપતી યોજના જાહેર કરી ચૂકી છે. તેનો સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગના ઉત્પાદક એકમોને પ્લાન્ટ અને મશીનરી પર કેપિટલ સબસિડી તથા ટર્મ લોન પર ૫ ટકાથી ૭ ટકા સુધીની વ્યાજ સબસિડી તાલુકાની કેટેગરી મુજબ પાંચથી સાત વર્ષ માટે સબસિડી આપવામાં આવે છે. જોકે તેને માટે શરતો મૂકવામાં આવેલી છે. ઉદ્યોગ કમિશનરની કચેરીમાં તે ઔદ્યોગિક એકન આઇઓઆરએ પોર્ટલ પર ફરજિયાત નોંધાયેલું હોવું જોઈએ. તેમ જ પ્રોડક્શન શરૂ કર્યાના નિયત સમયમાં રજિસ્ટ્રેશન કરાવવું પડે છે.

ગુણવત્તા અને ટેકનોલોજી સુધારણા સબસિડી

ઇઆરપી-એન્ટરપ્રાઇસ રિસોર્સ પ્લાનિંગ સિસ્ટમ, ઈઆરપી સોફ્ટવેર, આઈએસઓ- ઇન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ સ્ટાન્ડર્ડના સર્ટિફિકેશન, અને ઝીરો ડિફેક્ટ-ઝીરો ઇફેક્ટ સર્ટિફિકેશન માટે ખર્ચના ૫૦ ટકાથી ૭૫ ટકા સુધીની નાણાકીય સહાય. ■

સમસ્યાઓનું વ્યવહારિક સમાધાન અને નિષ્ણાત સૂચનો

ક્ષેત્ર / સમસ્યા	કારણો	વ્યવહારુ સમાધાન (Actionable Solution)
43B(h) પેમેન્ટ વિવાદ	૪૫ દિવસની મર્યાદાના કારણે ઓર્ડરમાં અસુરક્ષા.	મોટી કંપનીઓએ સ્વૈચ્છિક રીતે TReDS પ્લેટફોર્મ પર રજિસ્ટર થવું ફરજિયાત બનાવવું.

1. MSME એ કરારમાં પેમેન્ટ ટર્મ્સ સ્પષ્ટ રાખી TReDS દ્વારા બિલ ડિસ્કાઉન્ટિંગનો ઉપયોગ કરવો. |
2. કાર્યકારી મૂડીની અછત | લેટ પેમેન્ટ્સ અને કેશ ફ્લો ગેપ. 3. બેંકો દ્વારા GST રિટર્ન અને બેંક સ્ટેટમેન્ટના ડેટા-ડ્રિવન સ્કોરિંગ

લંડનમાં રાત્રિ રોકાણ કરનારાઓ પર પાંચ ટકાનો નવો ટેક્સ લાગુ કરાશે

ટેક્સ હોટેલ કે રૂમના દરના ટકાવારીના આધારે અથવા ફિક્સ્ડ રકમ તરીકે વસૂલી શકાશેઃ હોટેલ્સ, ગેસ્ટ હાઉસ, બેડ એન્ડ બ્રેકફાસ્ટ, હોસ્ટેલ, હોલિડે હોમ્સ, શોર્ટ-ટર્મ રેન્ટલ અને કોમર્શિયલ ધોરણે ભાડે અપાતા યુનિવર્સિટી કે ધાર્મિક ઉતારાના સ્થળ માટે પણ લાગુ પડશે



લંડનમાં રાત્રિરોકાણ કરવા આવતા પ્રવાસીઓ પર નવો ટૂરિસ્ટ ટેક્સ-ઓવરનાઈટ વિઝિટર લેવ્વી લાદવાની લંડન તંત્ર દ્વારા યોજના બનાવવામાં આવી રહી છે. લંડન મેયર દ્વારા રજૂ કરવામાં આવેલી પ્રસ્તાવિત જોગવાઈઓ, તેના અમલીકરણનો સમયગાળો અને ગુજરાત તેમજ ભારતીય પ્રવાસીઓ પર પ્રવાસ ખર્ચમાં વધારાના સ્વરૂપમાં પડી શકે છે.

વિશ્વના સૌથી લોકપ્રિય પ્રવાસન સ્થળોમાંથી એક એવા યુનાઇટેડ કિંગડમની રાજધાની લંડન જવા માંગતા ગુજરાત અને ભારતના પ્રવાસીઓ માટે એક મહત્વના સમાચાર આવ્યા છે. બ્રિટન સરકાર દ્વારા સ્થાનિક સત્તામંડળોને વધારાનો ફંડ એકત્ર કરવાની સત્તા આપતો નવું 'ઓવરનાઇટ વિઝિટર લેવી બિલ' લાવવાની તૈયારી ચાલી રહી છે. આ કાયદા હેઠળ લંડનમાં રાત્રિરોકાણ કરતા દેશી અને

વિદેશી પ્રવાસીઓ પર નવીન ટૂરિસ્ટ ટેક્સ લાદવામાં આવી શકે છે. તંત્ર દ્વારા યોજના બનાવવામાં આવી રહી છે. લંડન મેયર દ્વારા રજૂ કરવામાં આવેલી પ્રસ્તાવિત જોગવાઈઓ, તેના અમલીકરણનો સમયગાળો અને ગુજરાત તેમજ ભારતીય પ્રવાસીઓ પર પ્રવાસ ખર્ચમાં વધારાના સ્વરૂપમાં પડી શકે છે.

લંડનના મેયર સર સાદિક ખાને સ્પષ્ટ કર્યું છે કે આ સુચિત ટેક્સ માટે મહત્તમ ૫ ટકા (5%) ની મર્યાદા નક્કી કરવામાં આવશે. આ ટેક્સ હોટેલ કે રૂમના દરના ટકાવારીના આધારે અથવા ફિક્સ્ડ રકમ તરીકે વસૂલી શકાશે. જો કોઈ ગુજરાતી પરિવાર કે પ્રવાસી લંડનની હોટેલમાં એક રાત માટે 200 પાઉન્ડ એટલે કે રૂ. 21,600 રેન્ટ તરીકે ચૂકવે તો આ પરિવારે ૫ ટેક્સ લેખે તેમણે £૧૦ એટલે કે અંદાજે રૂ. 1080 વધારાનો ટૂરિસ્ટ ટેક્સ ચૂકવવો પડશે. પરિણામે, તે રૂમનું કુલ બિલ £૨૧૦ થઈ જશે.

આ નિયમ માત્ર ફાઇવ સ્ટાર હોટેલ્સ પૂરતો મર્યાદિત નથી. આ કાયદા હેઠળ હોટેલ્સ, ગેસ્ટ હાઉસ, બેડ એન્ડ બ્રેકફાસ્ટ, હોસ્ટેલ, હોલિડે હોમ્સ, શોર્ટ-ટર્મ રેન્ટલ (જેમ કે Airbnb) અને કોમર્શિયલ ધોરણે ભાડે અપાતા યુનિવર્સિટી કે ધાર્મિક ઉતારાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે

હાલમાં આ ટેક્સ તુરંત લાગુ થવાનો નથી. પ્રથમ તબક્કામાં આ બિલ બ્રિટનની પાર્લામેન્ટમાં રજૂ કરવામાં આવશે. ત્યારબાદ બિલ પસાર થાય અને કાયદો બની ગયા બાદ કેન્દ્ર સરકાર તરફથી સ્થાનિક સંસ્થાઓ (Local Authorities) ને આ સત્તા સોંપવામાં આવશે. છેલ્લે લંડન તંત્ર ટેક્સનો આખરી દર, વસૂલાતની પદ્ધતિ અને કયા વિસ્તાર કે રોકાણને તેમાંથી મુક્તિ આપવી તેનો નિર્ણય કરે તે પછી આ વ્યવસ્થા લાગુ પડશે. તેથી, હાલમાં લંડનની ટિકિટ કે હોટેલ બુક કરનારા પ્રવાસીઓએ આ ટેક્સ ચૂકવવો પડશે નહીં, પરંતુ આગામી સમયમાં આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ તે અમલી બનશે.

ગુજરાત અને ભારતના પ્રવાસીઓ પર કેટલી અસર પડશે?

બ્રિટનના સત્તાવાર પ્રવાસન આંકડાઓ (VisitBritain) મુજબ ભારતથી બ્રિટન અને લંડન જતા પ્રવાસીઓ ખાસ્સા વધારે છે. એક અંદાજ મુજબ દર વર્ષે ભારતમાંથી આશરે ૭.૬ લાખથી ૮ લાખ જેટલા પ્રવાસીઓ બ્રિટનની મુલાકાતે જાય છે, જેમાં મોટા ભાગના પ્રવાસીઓ લંડનનું રોકાણ ચોક્કસપણે કરે છે. બ્રિટન જનારા કુલ ભારતીય પ્રવાસીઓમાં ગુજરાતનો હિસ્સો આશરે ૬ ટકા જેટલો છે. દર વરસે આશરે 45000થી 50,000 ગુજરાતી પ્રવાસીઓ લંડન જાય છે. મહારાષ્ટ્ર અને દિલ્હી પછી ગુજરાત ભારતનું ત્રીજું સૌથી મોટું ટૂરિસ્ટ માર્કેટ છે.


પ્રવાસનું બજેટ વધશે

ગુજરાતીઓ સામાન્ય રીતે સંબંધીઓને મળવા, વ્યાપાર-ધંધા અર્થે કે ફેમિલી વેકેશન માટે લંડનમાં ૧૦ થી ૧૫ દિવસનું રોકાણ કરતા હોય છે. જો હોટેલ બિલમાં ૫ ટકાનો વધારો થાય તો સમગ્ર પ્રવાસના બજેટમાં નોંધપાત્ર વધારો થશે. જો વિઝિટર અથવા યુનિવર્સિટી કમર્શિયલ સ્ટે પર ટેક્સ લાગશે, તો ઉચ્ચ અભ્યાસ અર્થે જતા ગુજરાતી વિદ્યાર્થીઓના વાલીઓ કે બજેટ ટ્રાવેલર્સ પર આર્થિક બોજ વધશે.

લંડન તંત્રનું વલણ

લંડન પ્રશાસનનું કહેવું છે કે દર વર્ષે કરોડો વિદેશી અને સ્થાનિક પ્રવાસીઓના આગમનથી લંડનના જાહેર પરિવહન, રસ્તાઓ અને સંસ્કૃતિ પર ભારે દબાણ આવે છે. આ એકત્રિત ફંડનો ઉપયોગ શહેરની જાહેર પરિવહન સેવાઓ, શહેરી વિકાસ અને સાંસ્કૃતિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત કરવા માટે કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, યુરોપના અન્ય લોકપ્રિય શહેરો જેવા કે એમ્સ્ટરડેમ, બાર્સિલોના, બર્લિન, રોમ અને વેનિસ માં પણ પ્રવાસીઓ પાસેથી આ પ્રકારનો ટૂરિસ્ટ ટેક્સ પહેલાથી જ વસૂલવામાં આવે છે. ■



શેરબજારમાં થઈ રહેલી છેતરપિંડીથી તમારી જાતને કઈ રીતે બચાવશો?

રાતોરાત કરોડપતિ બની જવાના સપનાઓ લઈને શેરબજારમાં પ્રવેશતા રોકાણકારોની લાલચનો ફાયદો ઉઠાવીને ખંખેરી લેતા ધૂતારાઓથી ચેતતા રહો

લંબઈના એક અનુભવી શેર ટ્રેડરને વોટ્સએપ ગ્રૂપમાં જોડાવાનું આમંત્રણ મળ્યું. આ ગ્રૂપ કોઈ જાણીતી સ્ટોક બ્રોકરેજ કંપની દ્વારા ચલાવવામાં આવતું હોવાનો દાવો કરાયો હતો. આ ટ્રેડર શેરબજારનો અનુભવી ખેલાડી હતો. નવો નિશાળિયો નહોતો. આગામી થોડા અઠવાડિયામાં તેણે એક ટ્રેડિંગ એપ પર પોતાના પૈસા વધતા જોયા. સ્ક્રીન પર તેના થોડા લાખ રૂપિયા વધીને રૂ.૨.૧ કરોડ દેખાવા લાગ્યા. પરંતુ જ્યારે તેણે નફો પાછો ખેંચવાનો પ્રયાસ કર્યો, ત્યારે બહાના શરૂ થઈ ગયા. અંતે તેણે પ્રયાસો છોડી દીધા ત્યાં સુધીમાં તે લગભગ રૂ. ૮૭ લાખ ગુમાવી ચૂક્યો હતો. તે શેરબજારને સારી રીતે સમજતો હતો, છતાં તે છેતરાઈ ગયો, કારણ કે તેને હરાવનાર બજાર નહોતું પરંતુ એક સુનિયોજિત ઠગાઈ હતી.

મોટાભાગની રોકાણ સલાહ તમને ખરાબ સોદાઓ વિશે ચેતવે છે, પરંતુ આ કૌભાંડ સાચો સોદો થાય તે પહેલાં જ બની જાય છે-એક સંગઠિત ફ્રોડ જે અસલી દેખાય અને અનુભવાય છે. સરકારી આંકડા મુજબ, ભારતમાં ૨૦૨૫ દરમિયાન સાયબર ફ્રોડના કારણે રૂ.૨૨,૫૦૦ કરોડનું નુકસાન થયું હતું. જેમાંથી ૭૫ ટકા કરતાં વધુ રકમ (લગભગ રૂ.૧૭,૦૦૦ કરોડ) માત્ર રોકાણ લગતા કૌભાંડોમાંથી જ ગુમ થઈ હતી.

ગેરંટીડ રિટર્નની ટીપ્સથી બચતા રહો

સૌ પ્રથમ તો ઠગાઈ કરનારી વ્યક્તિ સો લોકોને એક જ સ્ટોકની ટીપ આપે છે. તેમાંથી ૫૦ લોકોને સ્ટોક ખરીદવા કહે છે અને બાકીના ૫૦ લોકોને વેચવા કહે છે. બીજા દિવસે સ્ટોક ગમે તે દિશામાં જાય, ૫૦ લોકોના જૂથને "સાચી" ટીપ મળી હોય તેવું લાગે છે — આ કોઈ કૌશલ્ય નથી પણ ગણિત છે. આ જીતેલા ૫૦ લોકોના ફરી બે ભાગ પાડીને નવા સ્ટોક માટે વિરુદ્ધ ટીપ અપાય છે. બે-ત્રણ રાઉન્ડ પછી, અમુક લોકોને સતત સાચી ટીપ્સ મળતી રહે છે અને તેમને લાગે છે કે આ ટીપ આપનાર બહુ નિષ્ણાત છે. ત્યારબાદ ખેલ બદલાય છે:



પબ્લિક ઇશ્યૂમાં ગેરંટીડ એલોટમેન્ટની લાલચ અપાય છે, જેમાં અસલી બ્રોકર જેવી જ દેખાતી નકલી એપનો ઉપયોગ થાય છે.



"પ્રીમિયમ કોલ્સ" માટે ફી માંગવામાં આવે છે અથવા કોઈ ફી વગર માત્ર ભવિષ્યના નફામાં હિસ્સો માંગવામાં આવે છે. આ બીજી રીત વધુ સુરક્ષિત લાગે છે કારણ કે લાગે છે કે સામેની વ્યક્તિ જોખમ વહેંચી રહી છે. પરંતુ વાસ્તવમાં, જે લોકોના કોલ ખોટા પડે છે તેમને છોડી દેવામાં આવે છે, અને જેમના કોલ સાચા પડે છે તેમને મહત્તમ લૂંટવામાં આવે છે.

બે-ત્રણ રાઉન્ડ પછી, અમુક લોકોને સતત સાચી ટીપ્સ મળતી રહે છે અને તેમને લાગે છે કે આ ટીપ આપનાર બહુ નિષ્ણાત છે.



તમને અમીર બનતા બતાવતી ખોટી એપ્લિકેશન

આ એ જ યુક્તિ છે જેમાં મુંબઈનો ટ્રેડર ફસાયો હતો. આ સૌથી ખતરનાક કૌભાંડ છે કારણ કે તે વાર્તાઓ નથી બતાવતું પરંતુ પુરાવા જેવા આંકડા બતાવે છે. તેમાં "ઇન્સ્ટિટ્યૂશનલ એકાઉન્ટ" કે પબ્લિક ઇશ્યૂમાં ગેરંટીડ એલોટમેન્ટની લાલચ અપાય છે, જેમાં અસલી બ્રોકર જેવી જ દેખાતી નકલી એપનો ઉપયોગ થાય છે. તમે પૈસા ટ્રાન્સફર કરો છો અને એપમાં તે રકમ વધતી દેખાય છે. રૂ. ૫ લાખ વધીને રૂ. ૬.૨ લાખ અને પછી રૂ. ૮.૫ લાખ બતાવે છે. આવી કમાણી જોઈને રોકાણકાર વધુ પૈસા રોકે છે. પરંતુ જ્યારે પૈસા ઉપાડવાનો સમય આવે ત્યારે ખરી રમત શરૂ થાય છેઃ "ટેક્સ", "કોમ્પ્લાયન્સ ચાર્જ" કે "સેટલમેન્ટ ફી"ના નામે વધુ પૈસા માંગવામાં આવે છે. રોકાણકાર પોતાની રકમ મેળવવાની લાલચમાં આ વધારાની ફી પણ ભરી દે છે, પરંતુ તે રકમ ક્યારેય પાછી મળતી નથી. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા-સેબી આ પ્રકારની ફેક એપ્સ સામે વારંવાર ચેતવણી આપી છે. આ એપ્સ વોટ્સએપ અને ટેલિગ્રામ લિંક્સના માધ્યમથી નવા રોકાણકારોને મોકલવામાં આવે છે. તેના પર અસલી દેખાતા લોગો અને નકલી સર્ટિફિકેટ્સ હોય છે.

જૂના ફેમિલી ફિઝિકલ શેર્સની જાળ

કોઈ અજાણ્યો કોલર તમને કહે છે કે તમારા સ્વર્ગસ્થ પિતા, માતા કે સગાએ દાયકાઓ પહેલાં ફિઝિકલ શેર સર્ટિફિકેટ ખરીદ્યા હતા, જેની કિંમત આજે લાખો રૂપિયા છે. આ પૈસા મેળવવા માટે શેર્સનું ડિમટીરિયલાઇઝેશન (ડીમેટ) કરવું પડશે જેના માટે ટ્રાન્સફર ફી, સ્ટેમ્પ ડ્યુટી કે વેરિફિકેશન ચાર્જ ભરવો પડશે. આ કૌભાંડ એટલા માટે સાચું લાગે છે કારણ કે કોલર પાસે તમારા પરિવારની સાચી માહિતી (જેમ કે કોઈ સગાનું નામ કે જૂની નોકરી) પહેલેથી હોય છે. આ ફ્રોડ ખાસ કરીને વારસામાં મળતી મિલકતોના કિસ્સામાં વધુ થાય છે. આવા કિસ્સામાં કોલરે આપેલા નંબર પર ક્યારેય વેરિફિકેશન ન કરો. કંપનીના રજિસ્ટ્રાર, ડિપોઝિટરી કે તમારા જાણીતા બ્રોકરનો સ્વતંત્ર રીતે સંપર્ક કરો.

રોકાણકારો આટલું ધ્યાન રાખે

- પબ્લિક ઇશ્યૂમાં ગેરેન્ટેડ એલોટમેન્ટ અપાવવાનો દાવા કરનારી એપથી બચતા રહો
- તમને ખબર ન પડે તો રોકાણ ન કરો, તમે તમારી મૂડી પણ ગુમાવી દેશો, લાલચ આપી ખંખેરી લેનારા અનેક સક્રિય છે
- દર મહિને ૮ થી ૧૦ ટકા ગેરંટીડ વળતર અને મૂળ રકમ સંપૂર્ણ સુરક્ષિત રહેવાની લાલચ આપી પોન્ઝી સ્કમી ચલાવનારાઓ સમયાંતરે ગાયબ થઈ જાય છે
- ખોટા સ્ક્રીનશોટ અને ખોટા આંકડા બતાવીને લોકોને જાળમાં ફસાવવામાં આવે છે
- વારસામાં મળનારા પૂર્વજોના શેર્સને ડિમટમાં રૂપાંતરિત કરી આપવા માટે ફોન કૉલરે આપેલા નંબર પર ક્યારેય વેરિફિકેશન ન કરો. કંપનીના રજિસ્ટ્રાર, ડિપોઝિટરી કે તમારા જાણીતા બ્રોકરનો સ્વતંત્ર રીતે સંપર્ક કરો. આ એક છટકું જ છે
- અજાણી એપ ડાઉન લોડ કરીને રોકાણ કરવાનું ન શરૂ કરે, પૈસો વધતો દેખાશે પણ ઉપાડી નહિ શકોઃ રોકાણ ગાયબ થઈ જશે



ક્યારેય ના ચૂકવાય તેવું ચોક્કસ વળતર

આ જૂનું કૌભાંડ એટલા માટે ચાલે છે કારણ કે તે દર મહિને ૮ થી ૧૦ ટકા ગેરંટીડ વળતર અને મૂળ રકમ સંપૂર્ણ સુરક્ષિત રહેવાની લાલચ આપે છે. શરૂઆતમાં વળતર સમયસર મળે છે જેથી રોકાણકારનો વિશ્વાસ જીતી શકાય છે. પરંતુ વાસ્તવમાં આ એક પોન્ઝી સ્કીમ છે. આજના રોકાણકારોને અપાતું વળતર એ નવા રોકાણકારોના પૈસામાંથી જ આપવામાં આવે છે. જ્યાં સુધી નવા પૈસા આવતા રહે છે ત્યાં સુધી સ્કીમ

દર વર્ષે ભારતીય રોકાણકારોને હજારો કરોડ રૂપિયાનો ચૂનો લગાવતી પાંચ મુખ્ય ફ્રોડ પેટર્ન સામે આવી છે. આ કૌભાંડો કેવી રીતે કામ કરે છે અને દરેક રોકાણકારે કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ

ચાલે છે. જેવા નવા પૈસા આવવાના બંધ થાય છે, તે ભેગા થતા પેમેન્ટ્સ પણ બંધ થઈ જાય છે અને અંતે કંપની ગાયબ થઈ જાય છે. બજારમાં ઉતાર-ચઢાવ આવવો સ્વાભાવિક છે. જો કોઇ બજારની સ્થિતિ ગમે તે હોય તો પણ ફિક્સ્ડ રિટર્નની ખાતરી આપે છે, તો તે રોકાણ નથી પણ નાણાં ડૂબવાની ઊંધી ગણતરી છે.

સ્ટોક અચાનક ચર્ચામાં આવે તેમાં પમ્પ અને ડમ્પનું છટકું

આ કૌભાંડમાં તમારી પાસે સીધા પૈસા નથી માંગવામાં આવતા, પરંતુ ચોક્કસ શેર ખરીદવા માટે ઉકસાવવામાં આવે છે. કૌભાંડીઓ કોઇ નાની કંપનીના શેર્સ ચૂપચાપ ખરીદી લે છે, અને પછી વોટ્સએપ, ટેલિગ્રામ તથા યુટ્યુબ પર વાયરલ મેસેજ ફેલાવે છે કે આ કંપનીને મોટો ઓર્ડર મળવાનો છે કે અંદરની ખબર છે. જેમ જેમ લોકો શેર ખરીદવા લાગે છે તેમ ભાવ વધે છે. કિંમત ખૂબ વધી જાય એટલે મૂળ કૌભાંડીઓ પોતાના શેર્સ ઊંચા ભાવે વેચીને નીકળી જાય છે, અને પાછળથી ખરીદનારા રોકાણકારો મોટા નુકસાનમાં ફસાય છે.





તમામ કૌભાંડોમાં સમાનતા

જુદી જુદી પદ્ધતિથી કરવામાં આવતા ઉપરોક્ત કૌભાંડો માણસની માનસિકતાનો ફાયદો ઉઠાવે છે. લાલચના કારણે મોટી ઓફર સાચી લાગે છે. “આજે જ છેલ્લો દિવસ છે” જેવી ઉતાવળ કરાવીને વિચારવાનો સમય અપાતો નથી.

જાણીતી બ્રોકરેજ કંપની કે સંસ્થાના નામે ગ્રાહકનો વિશ્વાસ જીતવામાં આવે છે. ખોટા સ્ક્રીનશોટ અને ખોટા આંકડા બતાવીને લોકોને જાળમાં ફસાવવામાં આવે છે. શેરબજારમાં સમજી-વિચારીને જોખમ લેવામાં કંઈ ખોટું નથી. પરંતુ બજારનું સામાન્ય જોખમ લેવું અને કોઈ અજાણી વ્યક્તિ પર આંધળો વિશ્વાસ મૂકવો નહિ. બંને વચ્ચે મોટો તફાવત છે.

કોઈપણ સાચી તક તમને ૧૦ મિનિટમાં નિર્ણય લેવા માટે મજબૂર નહીં કરે. સાચો એડવાઈઝર સત્તાવાર રજીસ્ટ્રેશન નંબર આપતાં ક્યારેય ખચકાશે નહીં. રોકાણ કરતાં પહેલાં, પૈસા ટ્રાન્સફર કરતાં પહેલાં અને વિશ્વાસ મૂકતાં પહેલાં — ચકાસણી (Verify) અવશ્ય કરો. આ એક નાની આદત તમારા મોટા નાણાકીય નુકસાનને બચાવી શકે છે. ■

વેટની વિદાયને દસ વર્ષ થવા આવ્યા છતાંય ગુજરાતના હજારો વેપારીઓના રિફંડ પેન્ડિંગ



વેટમાંથી જીએસટીમાં શિફ્ટ થઈ ગયા પછી વેટના ખાતાઓ લૉક કરી દીધા હોવાથી તેમાં સુધારા કરવા શક્ય જ નથી

પહેલી જુલાઇ 2017ના વેલ્યુ એડેડ ટેક્સ વેટે વિદાય લીધાને આજે સાડા નવ વર્ષ થવા આવ્યા હોવા છતાંય અમદાવાદ ગુજરાતના હજારો વેપારીઓના વેટના રિફંડ હજીય મળતા નથી. કારણ કે હિસાબ શાખામાં તેમના બેન્ક એકાઉન્ટ રિફ્લેક્ટ જ થતાં નથી. તેનું કારણ આપતા વેરા નિષ્ણાતો કહે છે કે વેપારીઓ વેટમાંથી જીએસટીમાં શિફ્ટ થઇ ગયા તેથી તેમના ખાતા વેટમાં દેખાતા જ નથી. વેટમાંથી જીએસટીમાં માઇગ્રેટ થઇ ગયા પછી હોવાથી હિસાબ શાખાના અધિકારીઓ તે ખાતા દેખાતા ન હોવાથી તેઓ રિફંડના પેન્ડિંગ કેસમાં વેપારીઓના રિફંડના ઓર્ડર થઇ ગયા પછીય રિફંડ આપતા જ નથી.

વેટના રિફંડ માટે વેપારીઓએ તેના વોર્ડમાં અરજી કરવી પડે છે. આ અરજી પ્રોસેસ થયા પછી તેના પર રિફંડ આપવા માટેના ઓર્ડર તૈયાર કરવામાં આવે છે. આ પ્રક્રિયાને અંતે તૈયાર થયેલો રિફંડ ઓર્ડર હિસાબ શાખામાં પેમેન્ટ માટે મોકલી આપવામાં આવે છે. અમદાવાદમાં જોઇન્ટ કમિશનર એક અને જોઇન્ટ કમિશનર 2 હેઠળની હિસાબ શાખામાં આ રિફંડ ઓર્ડર મોકલવામાં આવે છે. અમદાવાદની હિસાબ શાખા ગાંધીનગરના ડેપ્યુટી કમિશનરના ચાર્જ હેઠળ છે. આ હિસાબ શાખા અમદાવાદમાં બેસતા ચીફ કમિશનરના હસ્તક જ નથી.

સૌથી આઘાતજનક બાબત તો એ છે કે વેટના ખાતાઓ હવેમાં સુધારો પણ થઇ શકતો નથી.વેપારીઓ વેટમાંથી જીએસટીમાં શિફ્ટ થઇ ગયા હોવાથી હવે વેટના પોર્ટલ પર સુધારો કરવાની કોઇ તક જ મળતી નથી. કારણ કે વેટની સમગ્ર સિસ્ટમને લૉક કરી દેવામાં આવી છે. તેથી વેટના એકાઉન્ટમાં કોઇ જ સુધારા થઇ શકતા નથી. બીજીતરફ દસ વર્ષથી એકાઉન્ટ ઓપરેટ ન કર્યા હોવાથી મોટાભાગના વેપારીઓ પાસે લોગ ઇન આઇડી અને પાસવર્ડ પણ સચવાયેલા રહ્યા નથી. જેમની પાસે લોગ ઇન આઇડી અને પાસવર્ડ છે તેઓ તેમાં સુધારો પણ કરી શકતા નથી. કારણ કે તેમના એકાઉન્ટને લૉક કરી દેવામાં આવેલા છે.

રિફંડ માગનારના બેન્ક એકાઉન્ટ ન દેખાય એટલે અધિકારીઓ એફિડેવિટ માગે છે કે મારું બેન્ક એકાઉટ આ જ છે. વેપારી ભલેને મુંબઇ કે દિલ્હીમાં રજિસ્ટ્રેશન ધરાવતો હોય તેણે એફિડેવિટ કરવાની જફા કરવી પડે છે. આ એકાઉન્ટમાં ભૂતકાળમાં રિફંડ લીધેલા હોવા છતાંય અત્યાર તેમને તે ખાતામાં રિફંડ લેવા માટે એફિડેવિટ આપવી પડે છે. તદુપરાંત રિફંડના એપ્રુવલ માટે ઘણાં કેસો ગાંધીનગરના એડિશનલ કમિશનરમાં ટ્રાન્સફર થયેલા છે. આ એડિશનલ કમિશનર ગાંધીનગર બેસે છે. પરિણામે લગભગ બે મહિનાથી તેમના રિફંડ આવ્યા જ નથી. આમ રિફંડના દરેક ઓર્ડરમાં વેપારી પાસેથી એફિડેવિટ માગવામાં આવી રહી છે. પરિણામે એપેલેટ ટ્રિબ્યુનલમાં ઓર્ડર થયા પછીય તેમના રિફંડના નાણાં મેળવવા માટે વેટ રજિસ્ટર્ડ વેપારીઓએ છાશવારે વેટ કચેરીના ધક્કા ખાવા પડી રહ્યા છે.

જીઆર-સેલમાં પણ લોલેલોલઃ રિફંડની ફાઇલ ત્રણ ત્રણવાર પરત કરાય છે

સરકારના જીઆર – સેલમાં કાયદા વિરુદ્ધ જઇને ફાઇલ પુનઃ સાદર કરીને પણ રિફંડ ટલ્લે ચઢાવી રહ્યા છે. અપીલમાં રૂ. 25 લાખથી વધુ રકમનું રિફંડ હોય તો ડેપ્યુટી કમિશનરમાં જવું પડે છે. રૂ. 50 લાખથી વધુનું રિફંડ હોય તો એડિશનલ કમિશનર પાસે એપ્રુવલ માટે મોકલવી પડે છે. તેમની પાસે ઓર્ડર ગયા પછી તેઓ તેમાં કોઇ વાંધાજનક મુદ્દા હોય તો તે કાઢીને મંજૂરી માટે પરત મોકલી શકે છે. હા, તેના પૈસા રીલીઝ કરતાં પહેલા જે મુદ્દાની ચકાસણી કરવા જણાવ્યુ હોય તે ચકાસણી કરીને પછી જ રિફંડ ઓર્ડર ઇશ્યૂ કરવાનો હોય છે.આ વિભાગમાંથી એક જ ફાઇલ ત્રણ ત્રણ વાર મુદ્દા કાઢે છે. ત્રણ ત્રણવાર ફાઇલ પરત જાય છે. તેમાં જુદાં જુદાં મુદ્દા ઊભા કરીને પાછી તે ફાઇલ તેમને પરત મોકલવા જણાવવામાં આવે છે. તેથી બેથી ત્રણ વર્ષ સુધીનો અસહ્ય વિલંબ થાય છે. વેટની વિદાયને દસ વર્ષ થવા આવ્યા છે છતાંય અપીલના ઓર્ડર સામે પણ વારંવાર વાંધા કાઢીને વેપારીઓને પરેશાન કરવાનું બંધ કરવું જોઇએ.

ફ્રોડ એલર્ટ: ઇનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી આવેલો 'IMPS' મેસેજ એક ટ્રેપ પણ હોઈ શકે છે: કરદાતાઓ ગમે તે બટન પર ક્લિક ન કરે

રાતોરાત કરોડપતિ બની જવાના સપનાઓ લઈન શેરબજારમાં પ્રવેશતા રોકાણકારોની લાલચનો ફાયદો ઉઠાવીને ખંખેરી લેતા ધૂતારાઓથી ચેતતા રહો


શું આ અઠવાડિયે તમને એવો કોઈ ઈમેઈલ મળ્યો છે જે બિલકુલ ઈન્કમ ટેક્સ (I-T) વિભાગ તરફથી આવ્યો હોય તેવો જ દેખાય છે? તેમાં રાષ્ટ્રીય પ્રતીક (ત્રિરંગો) છે, જાણીતું વાદળી રંગનું ઈ-ફાઇલિંગ હેડર છે, એક સંદર્ભ નંબર-રેફરન્સ નંબર પણ છે અને 'તમારો મહત્વપૂર્ણ મેસેજ જોવા માટે અહીં ક્લિક કરો' જેવી વિનમ્ર વિનંતી પણ છે. આ મેસેજમાં અન્ય કોઈ પણ સક્રિયતા દર્શાવો તે પહેલાં, એક ક્ષણ રોકાઈ જાવ. આ મેસેજ નકલી હોવાની પૂરેપૂરી શક્યતા છે. આ મેસેજ તમને છેતરવા માટે ખૂબ જ ચાલાકીપૂર્વક બનાવવામાં આવ્યો છે.

થોડા દિવસોથી ફરતો થયેલો આવો જ એક ઈમેઈલ છે, કેનો વિષય ઇન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ, મહત્વનો સંદેશ છે. તે noreply@eportal.incometax.gov.in પરથી આવ્યો હોય તેવો દેખાય છે. તેની દરેક વિગત અસલી હોવાની ભાસ કરાવે છેઃ લેઆઉટ, ફોન્ટ્સ, ઈન્કમ ટેક્સ એક્ટ, ૧૯૬૧ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ, ૨૦૦૦ હેઠળ ગોપનીયતા વિશેની સત્તાવાર ડિસ્ક્લેમર સહિતની તમામ વિગતો અસલી હોવાની પ્રતીતિ કરાવે છે. હા, સમગ્ર પ્રક્રિયા સત્તાવાર લાગે તે માટે તેમાં એક બનાવટી રેફરન્સ નંબર (ITBA/AST/F/17/2025-26/1035917840) અને એસેસમેન્ટ યર ટેગ (AY25-26) પણ ઉમેરવામાં આવ્યા છે. તેમાં 'Information u/s 143(1) — Processing of Return' નો ઉલ્લેખ છે અને એક ચમકતા નારંગી રંગના મેસેજ વાંચવા માટે ઈ-ફાઇલિંગના('View Message on e-Filing Portal') બટન પર ક્લિક કરીને લોગિન કરવાનું કહેવામાં આવ્યું છે.

પરંતુ, મુખ્ય છેતરપિંડી અહીં જ છે. ડિસ્પ્લે નેમ સિવાય મોકલનારનું અસલી ઈમેઈલ એડ્રેસ તપાસશો તો જાણવા મળશે કે આ ઈમેઈલ ખરેખર noreply@tatoken-relay-1.crossblood.in પરથી મોકલવામાં આવ્યો છે — જે ડોમેનને સરકાર સાથે કોઈ લેવાદેવા



નથી. બટન પર ક્લિક કરવાથી તે તમને incometax.gov.in પર લઈ જવાને બદલે સંપૂર્ણપણે અસંબંધિત વેબસાઈટ એડ્રેસ પર લઈ જાય છે, જેનો આઈટી વિભાગ સાથે કોઈ સંબંધ નથી. ઈમેઈલ જે દાવો કરે છે અને તે તમને જ્યાં લઈ જાય છે . બંને વચ્ચેનો આ તફાવત જ આખી છેતરપિંડી છતી કરે છે. અને આ કોઈ એકલદોકલ ઘટના નથી, પરંતુ મોટા પાયે ચાલી રહેલા કૌભાંડનો એક ભાગ છે.



આ એક પેટર્ન છે, કોઈ એકલદોકલ ઘટના નથી

ટેક્સ ના નામે થતી ફિશિંગ (છેતરપિંડી) ભારતમાં સૌથી વધુ બનતા સાયબર ગુનાઓમાંથી એક બની ગઈ છે. તે દર વર્ષે ઇનકમ ટેક્સ રિટર્ન ફાઇલિંગ, ટેક્સ રિફંડ અને એસેસમેન્ટની સિઝન દરમિયાન (મુખ્યત્વે જુલાઈ અને ઓગસ્ટમાં) વધી જાય છે. આ ગાળામાં જ્યારે લોકો આઈટી વિભાગ તરફથી કોઈ સંદેશની આતુરતાથી રાહ જોઈ રહ્યા હોય છે. 'CloudSEK' ના સાયબર સિક્યોરિટી સંશોધકોએ આ ટેક્સ સિઝનમાં આઈટી વિભાગના નામે નકલી પેનલ્ટી નોટિસ વોટ્સએપ અને ઈમેઈલ દ્વારા મોકલીને પીડિતોના ફોનમાં માલવેર (વાયરસ) ડાઉનલોડ કરાવવાનું કૌભાંડ પકડ્યું છે. આ કૌભાંડમાં જે વનટાઇમ પાસવર્ડ-OTPથી બેંકિંગ વિગતો ચોરી લે છે.

'Trak.in' દ્વારા પ્રકાશિત અહેવાલ મુજબ, કરદાતાઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (CA) અને કોર્પોરેટ ફાઇનાન્સ ટીમોને ટાર્ગેટ કરીને સત્તાવાર લાગતી નોટિસો મોકલવામાં આવી હતી જેથી તેઓ રિમોટ-એક્સેસ માલવેર ઇન્સ્ટોલ કરી લે. ગયા મહિને જ, નકલી ઈમેઈલ દ્વારા કથિત 'ટેક્સ અસંગતતાઓ' માટે કેસ કરવાની ધમકી આપીને લિંક દ્વારા ૭૨ કલાકમાં દસ્તાવેજો સબમિટ કરવા દબાણ કરવામાં આવ્યું હતું. 'TaxGuru' ના રિપોર્ટ મુજબ, આઈટી એક્ટની કલમ 271(1)(c) હેઠળ ગડબડ થઈ હોવાનો નકલી દાવો કરીને તાત્કાલિક પગલાં લેવા માટે ભય ઊભો કરાયો હતો. ભારત સરકારની પોતાની ફેક્ટ-ચેક ટીમે પણ આ વર્ષે સતત સતર્ક રહેવું પડ્યું છે. ૨૦૨૬ની શરૂઆતમાં, AY25-26 માટે ટેક્સ માંગણી-ટેક્સ ડિમાન્ડ અંગેનો એક નકલી ઈમેઈલ વાયરલ થયો હતો, જેને પગલે માહિતી ખાતાએ જાહેરમાં સ્પષ્ટતા કરવી પડી હતી કે આ ઈમેઈલ કે એસેસમેન્ટ ઓર્ડર અસલી નથી.

થોડા દિવસો પહેલા જ રૂ.૬,૦૦૦ ની ના ની ટેક્સ માંગણી દર્શાવતો વધુ એક મેસેજ ફરતો થયો હતો. PIBની ફેક્ટ ચેક ટીમે ફરી સ્પષ્ટ કરવું પડ્યું હતું કે તે એક ફિશિંગ સ્કેમ હતું. રિફંડની સીઝનમાં આવી નાની રકમની માંગણી લોકો સાચી માની લેતા હોય છે. રિફંડનો ઉપયોગ પણ લાલચ આપવા માટે થાય છે. અન્ય અહેવાલ મુજબ રૂ. ૬૦,૦૦૦ ના રિફંડનો દાવો કરતો ઈમેઈલ વાયરલ થયો હતો જેમાં લિંક પર ક્લિક કરીને 'મેન્યુઅલી વેરિફાઈ' કરવા કહેવાયું હતું. તેને PIB એ બેંક વિગતો ચોરવાનો પ્રયાસ ગણાવ્યો હતો. નકલી e-PAN કાર્ડના નામે પણ છેતરપિંડી થઈ રહી છે, જેમાં ત્વરિત e-PAN ડાઉનલોડ કરવાના નામે લોકોના PAN, ઓળખ વિગતો, બેંક એકાઉન્ટ અને પાસવર્ડ ચોરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

આઈટી વિભાગ શું કહે છે?

આઈટી વિભાગ લોકોને સતત ચેતવણી આપતું રહ્યું છે. વર્ષ ૨૦૧૬ થી જ વિભાગે જાહેરમાં સ્પષ્ટ કર્યું છે કે તે ઈમેઈલ દ્વારા ક્યારેય ક્રેડિટ કાર્ડ, બેંક કે નાણાકીય એકાઉન્ટના પિન-PIN નંબર, પાસવર્ડ જેવી વિગતો માગતું નથી. ટેક્સ વિભાગે તેના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પર પુનરોચ્ચાર કર્યો છે કે તે ઈમેઈલ કે એસએમએસ દ્વારા ક્યારેય વનટાઇમ પાસવર્ડ-OTP કે પછી PIN કે પાસવર્ડ જેવી ગોપનીય માહિતી માંગતું નથી. કરદાતાઓએ તમામ કામગીરી માટે માત્ર સત્તાવાર પોર્ટલ incometax.gov.in નો જ ઉપયોગ કરવો જોઈએ. સરકારી નોટિસો ક્યારેય ખાનગી ઈમેઈલ સેવાઓ પરથી આવતી નથી. વિભાગે સ્પષ્ટતા કરી છે કે માત્ર @incometax.gov.in ધરાવતા સત્તાવાર ઈમેઈલ એડ્રેસ પરથી આવતા સંદેશાઓ જ સાચા ગણવાના રહેશે.

તમારી જાતને કેવી રીતે સુરક્ષિત રાખશો

એક, મોકલનારનું અસલી ઈમેઈલ એડ્રેસ તપાસી લો. ફક્ત ડિસ્પ્લે નેમ ન જુઓ, પરંતુ તેની પાછળનું ઈમેઈલ ID ચકાસી લો. બે, અજાણ્યા ઈમેઈલમાં આપેલી લિંક પર ક્યારેય ક્લિક ન કરો. ત્રણ, બ્રાઉઝરમાં સીધું જ incometax.gov.in ટાઈપ કરીને જ સાઈટ ખોલો. ચાર, ઉતાવળ કે ધમકીથી સાવધ રહો. ૭૨ કલાકમાં કે તાત્કાલિક કાર્યવાહીની ધમકી આપે તેવા સંદેશાઓથી બચો. પાંચ, ક્યારેય ખાનગી માહિતી શેર ન કરો. છ, OTP, પાસવર્ડ કે બેંક વિગતો ઈમેઈલ કે વોટ્સએપ પર ક્યારેય આપશો નહીં. સાત, વિસંગતતાઓને ઓળખી લો. ખોટા ડોમેન નેમ કે શંકાસ્પદ લિંક્સ પર નજર રાખો. આઠ રિપોર્ટ કરી દો. શંકાસ્પદ ઈમેઈલ મળે તો તેને webmanager@incometax.gov.in અને incident@cert-in.org.in પર ફોરવર્ડ કરીને રિપોર્ટ પણ કરી દેવો જોઈએ.

CBDTના નિયમો જાહેર થતાં આવકવેરાના બાકી લેણાં માટે કરદાતાઓની અટકાયત કે ધરપકડ નહીં કરી શકાય

કરદાતાની “ધરપકડ અને અટકાયત”ની જોગવાઈઓ પહેલી એપ્રિલ ૨૦૨૬થી રદ થઈ જતાં કરચોરી કે ડિફોલ્ટના કિસ્સામાં અધિકારીઓ હવે વ્યક્તિગત અટકાયત કરી શકશે નહીં.



સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસે ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ‘ઇનકમ-ટેક્સ (ફોર્થ એમેન્ડમેન્ટ) રૂલ્સ, ૨૦૨૬’ નું નોટિફિકેશન બહાર પાડી દેવામાં આવ્યું હોવાથી કરદાતાની “ધરપકડ અને અટકાયત”ની જોગવાઈઓ પહેલી એપ્રિલ ૨૦૨૬થી રદ થઈ જતાં કરચોરી કે ડિફોલ્ટના કિસ્સામાં અધિકારીઓ હવે વ્યક્તિગત અટકાયત કરી શકશે નહીં. આ નવા સુધારા હેઠળ આવકવેરા વિભાગે ટેક્સ રિકવરીના નિયમોમાં કર્યા છે.

રૂલ ૨૨૫ માં સુધારો અને પ્રોપર્ટી-બેઝ્ડ રિકવરી

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસે ઇનકમ-ટેક્સ રૂલ્સના નિયમ નંબર ૨૨૫માં સુધારો કરીને ધરપકડના નિયમો દૂર કર્યા છે. આ પગલું કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ ની “ટેકનિકલ ભૂલો અને નાના ગુનાઓના વિ-ગુનાહિતકરણ” – ડિક્રિમિનાલાઇઝેશનની જાહેરાત કરી દેવામાં આવી છે. પરિણામે હિસાબી ચોપડાંઓ કે પછી ટીડીએસની ચૂકવણીમાં ભૂલ જેવા ક્ષુલ્લક ગુનાઓ માટે જેલની સજા નહીં પણ માત્ર નાણાકીય દંડ જ લાગુ કરવામાં આવશે. ટેક્સ રિકવરી હવે માત્ર મિલકત જપ્તી અને વેચાણ દ્વારા જ હાથ ધરાશે.

કરદાતાના મૃત્યુના કિસ્સામાં રાહત

જો ટેક્સ ડિફોલ્ટર કરદાતાનું મૃત્યુ થાય, તો તેવા કિસ્સામાં પણ વસુલાત માટે કાનૂની વારસદારો સામે કોઇ પણ પ્રકારની અટકાયત કે કડક કાર્યવાહી કરી શકાશે નહીં. નવા ઇનકમ-ટેક્સ એક્ટ ૨૦૨૫ના માળખા હેઠળ વર્તમાન વેલ્યુઅર્સ અને અધિકૃત આવકવેરા પ્રેક્ટિશનર્સને નોંધણી પૂર્ણ કરવા માટે વધુ ૬ મહિનાનો સમય આપીને આ મુદત 31મી માર્ચ 2027 સુધી લંબાવવામાં આવી છે.

ફોર્મ ૭૬૯ અને ફોર્મ ૭૭૧ હેઠળ કડક ડિસ્ક્લોઝર

વેલ્યુઅર્સ માટેના ફોર્મ ૧૬૯ હેઠળ અરજદારે શૈક્ષણિક લાયકાત, અનુભવ, મિલકતની શ્રેણી અને હિતોના સંઘર્ષ ન હોવાની વિગતો આપવી પડશે. જ્યારે આવકવેરા પ્રેક્ટિશનર્સ માટેના ફોર્મ ૧૭૧ હેઠળ વ્યવસાયિક ગેરવર્તણૂક, નાદારી કે કોઈપણ છેતરપિંડીના ગુના અંગેની ચોક્કસ જાહેરાત કરવી ફરજિયાત બનાવવામાં આવી છે.

ટીડીએસ જમા કરાવવામાં વિલંબ અથવા હિસાબી ભૂલ


એક નાના વેપારીથી ટેકનિકલ ખામી કે નાણાકીય અગવડતાને કારણે સમયસર ટીડીએસની રકમ સરકારમાં જમા કરાવી શકાઈ ન હતી અથવા હિસાબી ચોપડાં રજૂ કરવામાં વિલંબ થયો હતો. આ સ્થિતિમાં જૂના નિયમો હેઠળ આવકવેરા અધિકારીઓ કરદાતા સામે કડક કાર્યવાહી કરીને અટકાયત કે ધરપકડની પ્રક્રિયા હાથ ધરી શકતા હતા. કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ ના 'ડિક્રિમિનાલાઇઝેશન' અને નવા રૂલ ૨૨૫ મુજબ, હવે આવી ટેકનિકલ કે ક્ષુલ્લક ભૂલો માટે વેપારીની ધરપકડ કે જેલની સજા થશે નહીં. માત્ર નિયમ મુજબ વ્યાજ કે નાણાકીય દંડ ભરીને મામલો ઉકેલી શકાશે.

કરદાતાના અચાનક અવસાનના કિસ્સામાં વારસદારોને મુક્તિ

એક કરદાતા પર ભૂતકાળની મોટી આવકવેરાની આકારણી બાકી હતી, અને તે રકમની વસૂલાત થાય તે પહેલાં જ તેમનું અચાનક અવસાન થાય છે. આ સ્થિતિમાં જૂના નિયમ હેઠળ કરદાતાના મૃત્યુ બાદ વસૂલાત અધિકારીઓ કાનૂની વારસદારો પર માનસિક દબાણ લાવતા અને કડક કાનૂની પગલાં કે અટકાયતની ધમકીનો સામનો કરવો પડતો હતો. નવા નોટિફિકેશન મુજબ, કરદાતાના અવસાનના કિસ્સામાં કાનૂની વારસદારો સામે કોઈ પણ પ્રકારની વ્યક્તિગત અટકાયત કે કડક કાર્યવાહી કરી શકાશે નહીં. વસૂલાતની પ્રક્રિયા માત્ર કરદાતાની છોડેલી મિલકતના સીમિત સીમાડામાં જ કાયદાકીય રીતે થશે.



કરદાતાના અવસાનના કિસ્સામાં કાનૂની વારસદારો સામે કોઈ પણ પ્રકારની વ્યક્તિગત અટકાયત કે કડક કાર્યવાહી કરી શકાશે નહીં.



બાકી ટેક્સ લેણાંની વસૂલાત પ્રક્રિયા

કોઈ બિઝનેસમાં મોટું નુકસાન થવાને કારણે કરદાતા પોતાની કરોડો રૂપિયાની આવકવેરાની બાકી નીકળતી રકમ ભરી શકવામાં અસમર્થ રહે છે. ટેક્સ રિકવરી ઓફિસર પાસે કરદાતાની મિલકત જપ્ત કરવા ઉપરાંત તેની ધરપકડ કરીને સિવિલ જેલમાં મોકલવાની સત્તા હતી. નવા નિયમથી રાહત મળશે. પહેલી ૧ એપ્રિલ ૨૦૨૬ થી પૂર્વવર્તી અસરથી આ સત્તાઓ નાબૂદ કરાઈ છે. હવે ટેક્સ વિભાગ રિકવરી માટે કરદાતાની વ્યક્તિગત ધરપકડ કરી શકશે નહીં. વસૂલાત માત્ર "પ્રોપર્ટી-બેઝ્ડ" રહેશે, એટલે કે કાયદા મુજબ મિલકત જપ્ત કરીને કે તેનું વેચાણ કરીને જ ટેક્સ વસૂલ કરી શકાશે.



નાદારીની બાબત પર નજર રાખતા બોર્ડે પર્સનલ ગેરંટર્સ અને "સંબંધિત" લેણદારો પર કડક ચકાસણીની જાહેરાત કરી

સંબંધિત પક્ષકારોના મતદાનને રોકવા અને લેણદારોની વસૂલાતને સુરક્ષિત કરવા IBBI એ પર્સનલ ગેરંટર ઇન્સોલ્વન્સી માટે કડક નિયમો તૈયાર કર્યા

ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઇન્ડિયાએ પર્સનલ ગેરંટર ઇન્સોલ્વન્સી માટે કડક નિયમોનો પ્રસ્તાવ મૂકતું ચર્ચા પત્ર બહાર પાડ્યું છે. તેમાં સંબંધિત પક્ષકારોના મતદાન પર પ્રતિબંધ મૂકવાની તેમ જ સંપત્તિના સ્વતંત્ર મૂલ્યાંકનનો આદેશ અને ટાળી શકાય તેવા વ્યવહારોની બારીક તપાસ કરવાને લગતી બાબતોનો સમાવેશ થાય છે. આમ ઇન્સોલ્વન્સી નિયામક પર્સનલ ગેરંટર્સના સંબંધિત પક્ષકારોને લોન પુનઃચુકવણીની યોજનાઓને પ્રભાવિત કરતા અટકાવવાના હેતુથી નિયમોને કડક બનાવવાની યોજના બનાવી રહ્યું છે.

આ સંદર્ભમાં બહાર પાડેલા એક ચર્ચા પત્રમાં, ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઇન્ડિયાએ પર્સનલ ગેરંટર્સના સંબંધિત પક્ષકારોની વધુ સ્પષ્ટ વ્યાખ્યા આપીને તેમને કોઈપણ પ્રકારના મતદાનના અધિકારોથી સંપૂર્ણપણે વંચિત રાખવાનું સૂચન કર્યું છે. તેણે ગેરંટરની સંપત્તિના સ્વતંત્ર મૂલ્યાંકન અને લેણદારો માટે ઉપલબ્ધ ભંડોળને નુકસાન પહોંચાડી શકે તેવા વ્યવહારોની ઝીણવટભરી તપાસ કરવાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે.

આ પગલાથી લેણદારો માટે એકબીજા સાથે મળીને કામ કરવું અને ગેરંટરના દેવાની પતાવટ કેવી રીતે થાય છે તેને પ્રભાવિત કરવું વધુ મુશ્કેલ બને તેવી અપેક્ષા છે. આઈબીબીઆઈનું આ પગલું ઝીના સ્થાપક સુભાષ ચંદ્રાના પર્સનલ ઇન્સોલ્વન્સી કેસ અંગેના વિવાદના થોડા સમય પછી આવ્યું છે. નેશનલ કંપની લો ટ્રિબ્યુનલએ પહેલી સપ્ટેમ્બરના રોજ એસ્સેલ ગ્રુપના ચેરમેનને તેમની સંપત્તિઓ ટ્રાન્સફર કરવા પર રોક લગાવી દીધી હતી અને ગ્રુપના ઋણ પર રૂ. ૨૨,૦૦૬ કરોડના દાવાઓ સામે આશરે રૂ. ૬.૫ કરોડમાં પર્સનલ ગેરંટીમાંથી ઉદ્ભવતા દાવાઓની પતાવટ કરવાની મંજૂરી આપતા અગાઉના આદેશ પર સ્ટે આપ્યો હતો. આ પ્લાન સામેની અપીલો ટ્રિબ્યુનલ સમક્ષ પેન્ડિંગ છે.

આઈબીબીઆઈના નવા પ્રસ્તાવ અનુસાર, રિઝોલ્યુશન પ્રોફેશનલ્સ ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડની કલમ 5(24A) હેઠળ "સંબંધિત-પક્ષ લેણદારો" ની ઓળખ કરશે અને લેણદારોની યાદીમાં તેમને અલગથી દર્શાવશે. હાલમાં, પર્સનલ ગેરંટરના "સહયોગી" મત આપી શકતા નથી. જોકે, સહયોગીની વ્યાખ્યા સંબંધિત પક્ષકાર કરતાં વધુ સંકુચિત છે, જેના કારણે કેટલાક

જોડાયેલા લેણદારોને મતદાનના અધિકારો જાળવી રાખવાની મંજૂરી મળે છે. આ ખામીને નવા નિયમોમાં દૂર કરવામાં આવશે.

આઇબીબીઆઇ ગેરંટરની સંપત્તિના સ્વતંત્ર મૂલ્યાંકનનો પણ પ્રસ્તાવ મૂકે છે. રજિસ્ટર્ડ વેલ્યુઅર તેમની ન્યાયી અને વસૂલ કરી શકાય તેવી કિંમત નક્કી કરશે, અને તેનો રિપોર્ટ પુનઃચુકવણી યોજનાની સાથે લેણદારો સમક્ષ મૂકવામાં આવશે. આનાથી લેણદારોને પ્લાન હેઠળ મળતી વસૂલાતની સરખામણી બેન્કરપ્સી (દેવાળિયાપણું) દ્વારા તેઓ જે વસૂલ કરી શકે છે તેની સાથે કરવામાં મદદ મળશે.


બોર્ડ પ્રેફરેન્શિયલ, અંડરવેલ્યુડ, ફ્રોડ્યુલન્ટ અને એક્સ્ટોર્શનેટ વ્યવહારોની વધુ ઝીણવટભરી તપાસનો પ્રસ્તાવ મૂકે છે જેણે લેણદારો માટે ઉપલબ્ધ નાણાંમાં ઘટાડો કર્યો હોઈ શકે છે. લેણદારો પુનઃચુકવણી યોજના પર મતદાન કરે તે પહેલાં રેઝોલ્યુશન પ્રોફેશનલ્સે આવા વ્યવહારોની તપાસ કરવી પડશે. બોર્ડ લેણદારોની મંજૂરી સાથે, ઇન્સોલ્વન્સી પ્રક્રિયા દરમિયાન રેઝોલ્યુશન પ્રોફેશનલ્સને તેમની સામે પગલાં લેવાની મંજૂરી આપવા માંગે છે. આ પ્રકારની કાર્યવાહી હાલમાં માત્ર બેન્કરપ્સીના તબક્કે ઉપલબ્ધ છે. આ ફેરફારથી પ્રેફરેન્શિયલ, અંડરવેલ્યુડ, ફ્રોડ્યુલન્ટ અને એક્સ્ટોર્શનેટ-પીયુએફઈ વ્યવહારો દ્વારા ગુમાવેલા નાણાં અથવા સંપત્તિ લેણદારો પ્લાન પર મત આપે તે પહેલાં વસૂલ કરી શકાશે.

પર્સનલ ગેરંટી હેઠળ, જો લોન લેનાર ડિફોલ્ટ થાય તો ગેરંટર લોન લેનારના દેવા માટે જવાબદાર બને છે. લેણદારો કેટલી રકમ વસૂલ કરી શકે છે તેનો આધાર ગેરંટરની સંપત્તિ, આવક અને ચૂકવણી કરવાની ક્ષમતા પર રહેલો છે, જે પુનઃચુકવણી યોજના અને બેન્કરપ્સી વચ્ચે પસંદગી કરતી વખતે સંપત્તિનું મૂલ્યાંકન મહત્વપૂર્ણ બનાવે છે. આ પ્રસ્તાવો પર્સનલ ગેરંટર ફ્રેમવર્કમાં વાસ્તવિક ખામીઓને દૂર કરે છે. ગેરંટરની સંપત્તિનું વસૂલીપાત્ર મૂલ્ય જાણ્યા વિના, અગાઉના વ્યવહારો દ્વારા મૂલ્યને અન્યત્ર ડાયવર્ટ કરવામાં આવ્યું છે કે કેમ, અને જોડાયેલા લેણદારો પરિણામને પ્રભાવિત કરી રહ્યા છે કે કેમ તે જાણ્યા વિના પુનઃચુકવણી યોજના પર મતદાન થવું જોઈએ નહીં.

પુનઃચુકવણી યોજના અને બેન્કરપ્સી વચ્ચેની પસંદગી અલગ-અલગ પરિણામો લાવી શકે છે. પુનઃચુકવણી યોજના હેઠળ, લેણદારોને ચોક્કસ સંતોષકારક સમયગાળા દરમિયાન ગેરંટર પાસેથી ચુકવણીઓ મળે છે અને જો ભવિષ્યની આવક બેન્કરપ્સી દ્વારા સંપત્તિ વેચવા કરતાં વધુ સારી વસૂલાત આપતી હોય તો તેઓ તેને વધુ પસંદ કરી શકે છે. જો પ્લાન વ્યવહારુ ન હોય, તો બેન્કરપ્સી ગેરંટરની સંપત્તિમાંથી નાણાં વસૂલ કરવાનો બીજો રસ્તો પૂરો પાડે છે. નવા પ્રસ્તાવો કોર્પોરેટ ઇન્સોલ્વન્સીમાં ઉપલબ્ધ સુરક્ષા પગલાંને પર્સનલ-ગેરંટર કેસોમાં લાવવાનો પ્રયાસ કરે છે. મૂલ્યાંકનની જરૂરિયાત લેણદારોને પુનઃચુકવણી યોજનાની સરખામણી ગેરંટરની સંપત્તિના વાસ્તવિક મૂલ્ય સાથે કરવા અને સંભવિત લીકેજને ઓળખવાની મંજૂરી આપશે.



ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઇન્ડિયાએ પર્સનલ ગેરંટર ઇન્સોલ્વન્સી માટે કડક નિયમોનો પ્રસ્તાવ મૂકતું ચર્ચા પત્ર બહાર પાડ્યું: પર્સનલ ગેરંટર્સના સંબંધિત પક્ષકારોની વધુ સ્પષ્ટ વ્યાખ્યા આપીને તેમને કોઈપણ પ્રકારના મતદાનના અધિકારોથી સંપૂર્ણપણે વંચિત રાખવાનું સૂચન કર્યું





ગુજરાતમાં સંભવિત જળસંકટને પહોંચી વળવા ઉદ્યોગો, ખેડૂતો અને પ્રજા તૈયાર થાય

13મી સપ્ટેમ્બર 2026 સુધીની સ્થિતિ પરથી જણાય છે કે આ વર્ષે ગુજરાત અને દેશમાં વરસાદની અછત હોવાથી લોકો સજ્જ રહે

ભારતમાં ૨૦૨૬નું ચોમાસું ૨૦૦૯ પછીનું સૌથી નબળું ચોમાસું સાબિત થવાની દિશામાં આગળ વધી રહ્યું છે. 13મી સપ્ટેમ્બર સુધીના આંકડા અને ઓગસ્ટના અંત સુધીના વિશ્લેષણ મુજબ જૂન મહિનામાં શરૂઆતમાં જ ૩૫ ટકા જેવી ભારે અછત નોંધાઈ હતી. ઓગસ્ટ અને સપ્ટેમ્બરના પ્રારંભ સુધી દેશમાં લાંબા ગાળાની સરેરાશ કરતાં વરસાદ ૧૩ ટકાથી ૧૫ ટકા સુધી ઓછો રહેવાનો અંદાજ છે. જો કે સપ્ટેમ્બરના બીજા પખવાડીયામાં ખાસ્સો વરસાદ પડતા ઘટ ઓછી થઈ છે પરંતુ નાબુદ થઈ નથી. નબળા ચોમાસા પાછળનું મુખ્ય કારણ 'એલ નીનો' (El Niño) ની મજબૂત થઈ રહેલી અસર છે. એલનિનોની અસર 2027 સુધી લંબાય તો પરિસ્થિતિ વધુ કપરી બનવાની સંભાવના રહેલી છે. ખરીફ અને રવિ પાક પર તેની ખાસ્સી અસર જોવા મળી શકે છે.

વરસાદી ખેતી પર નિર્ભર કપાસ, સોયાબીન, મકાઇ અને કઠોળ જેવા ખરીફ પાકોને ભેજની અછતનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઉપરાંત, જળાશયો અને ભૂગર્ભજળનું સ્તર રિચાર્જ ન થવાથી આગામી રવી સીઝનમાં ઘઉં, રાયડો અને સરસવના વાવેતર પર જોખમ ઊભું થયું છે.

ગુજરાતમાં કયા વિસ્તારોમાં પાણીની અછતનું વધુ જોખમ

ગુજરાતની ભૌગોલિક સ્થિતિ અને ચોમાસાની પેટર્ન મુજબ 13મી સપ્ટેમ્બર સુધીના આંકડા દર્શાવે છે કે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને સાબરકાંઠા જેવા જિલ્લાઓ મુખ્યત્વે વરસાદ અને ભૂગર્ભજળ પર આધારિત છે. અહીં ઓછો વરસાદ જળાશયોમાં પાણીનો પુરવઠો ઘટાડે છે. કચ્છ પ્રદેશમાં ચોમાસું પહેલેથી જ ટૂંકું હોય છે.

સપ્ટેમ્બરમાં વરસાદ ખેંચાતાં કચ્છના ગ્રામીણ અને પશુપાલન વિસ્તારોમાં પીવાના તથા ચારાના પાણીની અછત સર્જાય છે. સૌરાષ્ટ્રના અંતરિયાળ વિસ્તારોમાં પણ પાણીની તીવ્ર અછત વરતાઇ રહી છે.

સુરેન્દ્રનગર, અમરેલી, બોટાદ અને રાજકોટના કેટલાક સૂકા વિસ્તારોમાં ચેકડેમો અને તળાવો પૂરા ભરાયા નથી, જેના કારણે ખેતી માટે સિંચાઇના પાણીની ખેંચ ઊભી થઇ છે.



2026-2027નું સંભવિત સંકટ અને એલ નીનો હેઠળનું આગોતરૂં આયોજન

જો સપ્ટેમ્બરમાં ચોમાસું વહેલું પાછું ખેંચાઇ જાય અને વર્ષ 2027માં પણ એલ નીનોની સક્રિયતાને કારણે સતત બીજા વર્ષે વરસાદ ન પડે નર્મદા ડેમ આધારિત વોટર ગ્રીડનો વ્યવસ્થિત ઉપયોગ કરવો પડશે. સરદાર સરોવર ડેમમાંથી પીવાના પાણીનું રિઝર્વ આયોજન પ્રથમ પ્રાથમિકતા બનાવવું પડશે. તમામ બોરવેલ અને કૂવાઓ પાસે "રેન વોટર હાર્વેસ્ટિંગ" અને ચેકડેમોનું ડી-સિલ્ટિંગ યુદ્ધના ધોરણે હાથ ધરવું પડશે. પરિણામે વધુ જળસંચય થઈ શકશે.

કૃષિ ક્ષેત્રનું આયોજન

ઓછા પાણીના પાકોઃ ખેડૂતોને કપાસ કે શેરડી જેવા વધુ પાણી માંગતા પાકોને બદલે બાજરી, જુવાર, તલ, કઠોળ અને તેલીબિયાં જેવા ઓછા પાણીમાં થતા પાકો તરફ વાળવા પડશે. ટપક-ડ્રીપ અને ફુવારા પદ્ધતિથી ખેતી કરવાના વિકલ્પને ૧૦૦ ટકા ફરજિયાત બનાવવો પડશે. ગુજરાતની જનતાએ સૌથી પહેલા તો સપ્ટેમ્બરમાં ચોમાસાની વિદાય વહેલી થશે, તો જળાશયોનું સ્તર નીચું રહેશે. આ સ્થિતિમાં પાણીનો દરેક ટીપો માત્ર બચાવવાનો નથી, પરંતુ તેનો કાર્યક્ષમ ઉપયોગ કરવાનો છે. સામાન્ય જનતાએ પણ પાણીના વપરાશમાં ૩૦ ટકા સુધીનો ઘટાડો કરવો પડશે. ઘરગથ્થુ વપરાશમાં પાણીનો બગાડ અટકાવવો પડશે. વાહનો ધોવા કે બગીચામાં પીવાનું પાણી વાપરવું બંધ કરવું પડશે. સોસાયટી સ્તરે હાર્વેસ્ટિંગ કરવું પડશે. જે બિલ્ડરોએ પરકોલેટિંગ વેલને નામે મજાક કરી હોય તે દરેક બિલ્ડરોને આકરાંમાં આકરી સજા કરવી જોઇએ. શહેરી વિસ્તારોમાં રહેણાંક સોસાયટીઓએ વરસાદના બાકી રહેલા દિવસોમાં છતનું પાણી જમીનમાં ઉતારવાની વ્યવસ્થા કરવી જોઇએ.

ખેડૂતોએ લેવાના પગલાં

રવી મોસમમાં ઘઉંનું વાવેતર કરતી વખતે ઉપલબ્ધ સિંચાઈનું ગણિત ચોક્કસ કરી લેવાનું રહેશે. કઠોળ અને તલ-રાઇ જેવા ઓછા પાણીના પાકોને પસંદગી આપવી પડશે. જમીનનો ભેજ જળવાઇ રહે તે માટે વ્યવસ્થિત મલ્ચિંગ કરવું પડશે. જમીનમાં ભેજ જાળવી રાખવા પ્લાસ્ટિક કે ઓર્ગેનિક મલ્ચિંગનો ઉપયોગ કરવો જેથી બાષ્પીભવન ઘટશે. ખેતરમાં રોપેલા પાકને જોઇતું પાણી જમીનમાં વધુ વખત સચવાઇ રહેશે. શિયાળા અને ઉનાળા માટે પશુચારાનો સંગ્રહ અત્યારથી જ કરી રાખવાનો રહેશે

ઉદ્યોગોએ પણ સહકાર આપવો પડશે

પ્રોસેસિંગ અને કેમિકલ ઉદ્યોગોએ વાપરેલા પાણીનો ૧૦૦ ટકા રિસાયકલ કરીને ફરીથી ઉપયોગ કરવો પડશે. તેમ જ પાણીના ઔદ્યોગિક વપરાશ પર કાપ મૂકવો પડશે. ટેક્સટાઇલ અને પેપર જેવા વધુ પાણી વાપરતા ઉદ્યોગોએ ભૂગર્ભજળ ઉપાડવા પર સ્વૈચ્છિક કસર અને મર્યાદા નક્કી કરવી પડશે. વર્ષ ૨૦૨૬નું નબળું ચોમાસું માત્ર કૃષિ ક્ષેત્ર પૂરતું સીમિત ન રહેતાં ખાદ્ય ફુગાવો અને ગ્રામીણ અર્થતંત્ર પર દબાણ લાવી શકે છે. જો આગામી વર્ષ ૨૦૨૭માં પણ એલ નીનોની અસર રહે, તો અત્યારથી જ કરવામાં આવેલું જળ સંચાલન અને પાણી વપરાશની કસર જ ગુજરાતને મોટા આર્થિક અને સામાજિક સંકટથી બચાવી શકશે.



ભારતમાં 2009 પછીનું સૌથી નબળું ચોમાસું

ભારત ૨૦૦૯ પછીના સૌથી નબળા દક્ષિણ-પશ્ચિમ મધ્ય ચોમાસા તરફ આગળ વધી રહ્યું છે, જેણે કૃષિ ઉત્પાદન, ગ્રામીણ આવક અને ખાદ્ય પદાર્થોના ભાવ અંગે ચિંતાઓ ઊભી કરી છે. ૨૪ ઓગસ્ટ સુધીમાં, ૧ જૂને ચોમાસાની સીઝન શરૂ થઈ ત્યારથી



દેશમાં લાંબા ગાળાની સરેરાશ કરતાં આશરે ૧૩ ટકા ઓછો વરસાદ નોંધાયો હતો. તાજેતરના અહેવાલોમાં દર્શાવવામાં આવેલા હવામાન અધિકારીઓના જણાવ્યા અનુસાર, સીઝનનો કુલ વરસાદ અંતે સામાન્ય કરતાં ૧૫ ટકા સુધી ઓછો રહી શકે છે.

૨૦૨૬ના ચોમાસાને લગભગ બે દાયકામાં સૌથી નબળું ચોમાસું બનાવશે. ચોમાસું ભારતીય કૃષિ માટે અત્યંત મહત્વપૂર્ણ છે, જે દેશના વાર્ષિક વરસાદના લગભગ ૭૦ ટકા પૂરો પાડે છે અને લાખો હેક્ટર વરસાદ આધારિત ખેતીલાયક જમીનને આધાર આપે છે. ખાસ કરીને જૂન મહિના દરમિયાન વરસાદમાં ભારે અછત જોવા મળી હતી, જ્યારે દેશમાં લગભગ ૩૫ ટકાનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે ઓગસ્ટનો વરસાદ પણ સામાન્ય કરતાં નોંધપાત્ર રીતે ઓછો હતો.

નબળા પડી રહેલા ચોમાસાએ ખરીફ પાકો, ખાસ કરીને કપાસ, સોયાબીન, મકાઈ અને કઠોળ માટે વધતી ચિંતાઓ ઊભી કરી છે, જે પર્યાપ્ત અને સુસંગત વરસાદ પર ભારે આધાર રાખે છે. વરસાદની અછતનો અર્થ એ નથી કે પાક સંપૂર્ણ નિષ્ફળ જશે કારણ કે સિંચાઈ અને પ્રાદેશિક વરસાદની પરિસ્થિતિઓ

ભારત ૨૦૦૯ પછીના સૌથી નબળા દક્ષિણ-પશ્ચિમ મધ્ય ચોમાસા તરફ આગળ વધી રહ્યું છે, જેણે કૃષિ ઉત્પાદન, ગ્રામીણ આવક અને ખાદ્ય પદાર્થોના ભાવ અંગે ચિંતાઓ ઊભી કરી છે

તેની અસર ઘટાડી શકે છે, પરંતુ પાકના વિકાસના નિર્ણાયક તબક્કા દરમિયાન સતત સૂકો સ્પેલ (વરસાદ વિનાનું વાતાવરણ) ઉપજ અને ખેતરની નફાકારકતાને અસર કરી શકે છે. આગામી રવી સીઝન માટે પણ આ પરિસ્થિતિ અગત્યની છે કારણ કે પર્યાપ્ત ચોમાસાનો વરસાદ જળાશયો અને ભૂગર્ભ જળને પુનઃભરવામાં મદદ કરે છે અને શિયાળુ વાવેતર પહેલાં જમીનની ભેજ સુધારે છે. પાણીની ઓછી ઉપલબ્ધતા વર્ષમાં પાછળથી ઘઉં, રાઈ, સરસવ અને અન્ય રવિ પાકો પર વધારાનું દબાણ ઊભું કરી શકે છે.

આ અસર પ્રદેશો વચ્ચે નોંધપાત્ર રીતે ભિન્ન હોવાની અપેક્ષા છે. જ્યારે પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતના કેટલાક ભાગોમાં વરસાદમાં ભારે અછતનો અનુભવ થયો છે, ત્યારે અલગ-અલગ વિસ્તારોમાં ભારે વરસાદ ચાલુ રહ્યો છે. આ કથળતા આઉટલુક પાછળનું મુખ્ય પરિબળ મજબૂત થઈ રહેલી એલ નીનોની હવામાન પેટર્ન છે, જે સામાન્ય રીતે ભારતમાં નબળા ચોમાસાની સ્થિતિ સાથે સંકળાયેલી છે. હવામાન અધિકારીઓએ ચેતવણી આપી છે કે જો સપ્ટેમ્બરનો વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેશે અને ચોમાસું સામાન્ય કરતાં વહેલું પાછું ખેંચાશે તો વરસાદની અછત વધુ વધી શકે છે. તેના પરિણામો કૃષિથી આગળ વધીને ખાદ્ય ફુગાવો, ગ્રામીણ વપરાશ અને સમગ્ર અર્થતંત્ર સુધી લંબાઈ શકે છે.



વેપારીઓએ ટેક્સ ભર્યા છતાં GSTN ની ખામીથી DRC-01 નોટિસો

આયાત પર કસ્ટમ વિભાગ દ્વારા IGST ચૂકવી દેવાયો હોવા છતાં ICEGATE પોર્ટલ પરથી GSTN પોર્ટલના GSTR-2B માં 'બિલ ઓફ એન્ટ્રી' (Bill of Entry) ના આંકડા યોગ્ય રીતે અપડેટ થતા નથી.

આયાત પર વેપારીઓને આઇજીએસટી ચૂકવી દેવામાં આવ્યો હોવા છતાંય આઇસગેટના પોર્ટલ પરથી જીએસટીએનના પોર્ટલના જીએસટીઆર-2બીમાં બિલ ઓફ એન્ટ્રીની વિગતો અપલોડ ન થતી હોવાથી વેપારીઓની હાલાકી વધી રહી છે. વેપારીઓ પોતે ભરેલા ટેક્સની ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) દાવો કરે છે. પરંતુ જીએસટીએનની સીસ્ટમ તેને ઓટોમેટીક મેચ કરી શકતી નથી. પરિણામે કાયદેસરનો ટેક્સ ભર્યો હોવા છતાં વેપારીઓને GST DRC-01 અને DRC-01C હેઠળ નોટિસો ફટકારવામાં આવી રહી છે. જો નોટિસનો ઉત્તર ન અપાય તો વેપારીઓ માટે આગામી GSTR-1 ફાઇલિંગ અટકી જવાનું જોખમ પણ ઊભું થાય છે.

ઉદાહરણ તરીકે અમદાવાદ ટ્રેડર્સ નામના એક વેપારીએ વિદેશથી માલ આયાત કર્યો છે. તેમણે માલ છોડાવતી વખતે કસ્ટમ્સ પોર્ટલ



(ICEGATE) પર રૂ. ૧,૦૦,૦૦૦ નો IGST ચૂકવી દીધો છે. કાયદાકીય જોગવાઈ મુજબ તે આયાતકાર GST રિટર્ન (GSTR-3B) ભરતી વખતે આ રૂ. ૧,૦૦,૦૦૦ની ITC બાદ મેળવવા હકદાર છે. પરંતુ ICEGATE પરથી આ માહિતી GSTR-2B માં સમયસર દેખાતી નથી. વાસ્તવમાં આ માહિતી ઓટોપોપ્યુલેટેડ છે. આપોઆપ જ સિસ્ટમમાં દેખાવી જોઇએ.

તેથી વેપારી પોતાનું GSTR-3B રિટર્ન ભરે છે અને રૂ. ૧,૦૦,૦૦૦ની ક્રેડિટનો ક્લેઇમ કરે છે. આ તબક્કે સીસ્ટમ 'GSTR-2B માં રકમ રૂ.ઝીરો અને 'GSTR-3B માં રકમ રૂ. ૧,૦૦,૦૦૦' નો તફાવત બતાવે છે.આ તફાવતના કારણે સીસ્ટમ ઓટોમેટીક નોટિસ જનરેટ કરે છે, જેનાથી વેપારીએ ખોટો ટેક્સ ભર્યો ન હોવા છતાં જવાબ આપવા દોડધામ કરવી પડે છે.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI) દ્વારા દેશના નાણાં મંત્રી નિર્મલા સીતારામનને પત્ર લખીને આયાતી માલ પર ભરાતા IGST અને તેની ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) મેળવવામાં પડતી ગંભીર મુશ્કેલીઓ તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે.

ICEGATE અને GSTN વચ્ચે સંકલનનો અભાવ

GCCIના પ્રમુખ રાજેશ ગાંધી અને ઈનડાયરેક્ટ ટેક્સ કમિટીના ચેરમેન નયન શેઠ દ્વારા પાઠવાયેલા પત્રમાં જણાવ્યા મુજબ સરકારે ICEGATE અને GSTN વચ્ચે સંકલન માટે 'Search BoE-બિલ ઓફ એન્ટ્રી' જેવી સુવિધાઓ આપી છે, છતાં પણ 'બિલ ઓફ એન્ટ્રી'ની વિગતો સ્થિર ગણાતા GSTR-2Bમાં નિયમિતપણે દેખાતી નથી. વેપારીઓ જ્યારે ICEGATEનો ઉપયોગ કરીને ડેટા મેળવવાનો પ્રયાસ કરે છે, ત્યારે પણ ઘણીવાર રેકોર્ડ મળતો નથી.

કાયદેસર ક્રેડિટ હોવા છતાં નોટિસોનો સાર્વત્રિક ભય

IGST એક્ટ ૨૦૧૭ અને CGST એક્ટ ૨૦૧૭ મુજબ આયાત કરતી વખતે ભરેલો IGST એ વેપારીની કાયદેસરની ઇનપુટ ટેક્સ ક્રેડિટ છે. જોકે GST સીસ્ટમ GSTR-3B અને GSTR-2B નો સરખામણી રિપોર્ટ તૈયાર કરે છે. માહિતી ન મળવાને કારણે સીસ્ટમ આ તફાવતને દર્શાવે કરે છે અને વેપારીઓને DRC-01 નોટિસ મોકલી આપે છે.

ઉપરાંત, જો આયાત પરનો દાવો GSTR-2B કરતાં વધુ હોય તો નિયમ નંબર 88D હેઠળ DRC-01C માં ખુલાસો માગવામાં આવે છે. વેપારી જો આ બાબતે ખુલાસો ન કરી શકે અથવા ટેક્સ ફરી ના ભરે તો તેમની ઉપર નિયમ નંબર 59(6) હેઠળ આગામી GSTR-1 કે IFF ભરવા પર પ્રતિબંધ આવી શકે છે, જે વેપાર-ધંધા માટે અત્યંત હાનિકારક છે.

GCCIની માગણી

ગુજરાત ચેમ્બરે માંગણી કરી છે કે કસ્ટમ્સ પોર્ટલ ICEGATE પરથી બિલ ઓફ એન્ટ્રીનો ડેટા સીધો અને યોગ્ય રીતે GSTN પોર્ટલ પર ટ્રાન્સમિટ થવો જોઈએ, જેથી જે મહિનામાં આયાત થઈ હોય તે જ મહિનાના GSTR-2B માં તે દર્શાવવામાં આવે. આ સુધારાથી ટેક્સપેયર્સે કાયદેસરની ઇનપુટ ટેક્સક્રેડિટ માટે ખોટી નોટિસોનો સામનો કરવો પડશે નહીં. ■

શેરબજારની તેજીમાં પણ શેરબજાર કે સોનામાં કરેલા રોકાણ કરતા બેન્કની ફિક્સ્ડ ડિપોઝિટે અને પોસ્ટના રોકાણે વધુ વળતર આપ્યુ



છેલ્લા ત્રણ વર્ષમાં ભારતીય શેરબજારના મુખ્ય સૂચકાંકો કરતા બેન્કોની ફિક્સ્ડ ડિપોઝિટ અને પોસ્ટ ઓફિસ સ્કીમ્સ વધુ ફાયદાકારક સાબિત થઈઃ ૬૦ ટકા શેર્સનું ફ્લોપ પરફોર્મન્સ

છેલ્લા ત્રણ વર્ષમાં ભારતીય શેરબજારના મુખ્ય સૂચકાંકો કરતા બેન્કોની ફિક્સ્ડ ડિપોઝિટ અને પોસ્ટ ઓફિસ સ્કીમ્સ વધુ ફાયદાકારક સાબિત થઇ છે. શેરબજારમાં લિસ્ટેડ દર ૧૦માંથી સાધારણ રીતે ૬ શેરો બેન્ક એફડી જેટલું પણ વળતર આપી શક્યા નથી. બજારના નિષ્ણાતોના મતે 56 ટકા શેર્સમાં આ સ્થિતિ છે. આશરે ૪૦ ટકા જેટલા શેરોમાં રોકાણકારોની મૂડી ધોવાઇ ગઇ છે કે મોટું નુકસાન થયું છે. ફિક્સડિપોઝિટ અને શેરબજારમાં કરવામાં આવેલા રોકાણના સમયગાળાને ત્રણ વર્ષ કે પાંચ વર્ષનો કરીને સપ્ટેમ્બર 2021થી 2026નો કરીને ગણતરી કરવામાં આવે તો પણ શેરબજારમાં કરવામાં આવેલા રોકાણ પર મળેલુ વળતર બહુ વધારે ઊંચું હોવાનું જોવા મળતું નથી.

શેરબજાર વિરુદ્ધ બેન્ક એફડી અને સિક્યોર ડિપોઝિટ્સ

ભારતીય શેરબજારમાં હાલ ચાલી રહેલો તેજીનો તબક્કો ૨,૩૭૦ દિવસ જેટલો લાંબો અને ઐતિહાસિક રહ્યો છે. પરંતુ, તાજેતરના વર્ષોમાં દલાલ સ્ટ્રીટમાં પ્રવેશ કરનારા રોકાણકારો માટે આ તેજી લાભદાયી બની નથી. લાંબા સમયથી શેરબજારના સાહસિક રોકાણકારો ૬ થી ૭ ટકા વળતર આપતી ફિક્સ્ડ ડિપોઝિટને અણગમતો અને કંટાળાજનક વિકલ્પ માનતા હતા. પરંતુ આંકડા દર્શાવે છે કે આ સાદા રોકાણના વિકલ્પોએ ફેન્સી સ્ટોક્સ કરતા બહેતર દેખાવ કર્યો છે.

૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થતાં છેલ્લા ત્રણ વર્ષના સમયગાળામાં નિફ્ટી 50એ ૧૫.૫૮ ટકા અને સેન્સેક્સના શેર્સે માત્ર ૯.૯૪ ટકાનો લાભ કરાવ્યો છે. રોકાણના મૂલ્ય સામે સરેરાશ 9.94 ટકાનું જ વળતર છૂટ્યું છે. આ જ સમયગાળા દરમિયાન સ્ટેટ બેન્ક

ઓફ ઇન્ડિયાની ફિક્સ્ડ ડિપોઝિટમાં 6.5 ટકાના વાર્ષિક વ્યાજ દરને આધારે ત્રિરાશી માંડવામાં આવે તો રોકાણકારોને 23.34 ટકા જેટલું ચક્રવૃદ્ધિ વળતર મળ્યું છે.

પોસ્ટ ઓફિસની 3 વર્ષની ટાઇમ ડિપોઝિટ

આ જ રીતે પોસ્ટ ઓફિસની ટાઇમ ડિપોઝિટમાં સાત ટકા વાર્ષિક વળતર-રિટર્નના દરે ત્રિરાશી માંડવામાં આવે તો તેના રોકાણકારોને સરેરાશ ૨૧.૫૬ ટકા વળતર મળ્યું છે. જો આ સમયગાળાને પાંચ વર્ષનો કરીને સપ્ટેમ્બર 2021થી 2026નો કરીને ગણતરી કરવામાં આવે તો પણ શેરબજારમાં કરવામાં આવેલા રોકાણ પર મળેલુ વળતર બહુ વધારે ઊંચું હોવાનું જોવા મળતું નથી.

Nifty 50 એ આ ૫ વર્ષમાં ૩૨.૩% નું વળતર આપ્યું છે. આ વળતર સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ૫ વર્ષની એફડીના ૩૦.૮ ટકા વળતર કરતા માત્ર સામાન્ય આગળ છે, પરંતુ પોસ્ટ ઓફિસની ૫ વર્ષની સ્કીમના ૩૪.૪ ટકા વળતર કરતા નિફ્ટી 50ના શેર્સમાં કરેલા રોકાણ પર મળેલું વળતર ઓછું છે. બજારમાં સહેજ પણ ઘટાડો થાય તો નિફ્ટીનું ૫ વર્ષનું વળતર એસબીઆઇ એફડીના દરથી પણ નીચે આવી શકે તેમ છે.

સેન્સેક્સમાં પણ આ જ સ્થિતિ છે

આ નબળો દેખાવ માત્ર સૂચકાંકો (ઇન્ડેક્સ) પૂરતો સીમિત નથી. ૨,૮૦૦ થી વધુ શેરોના વિશ્લેષણમાં આ જ સ્થિતિ હોવાનું બજારના એક્સપર્ટ્સનું કહેવું છે. શેરબજારમાં લિસ્ટિંગ ધરાવતા કુલ શેર્સમાંથી 1595 શેર્સ પોસ્ટ ઓફિસની ટર્મ ડિપોઝિટ કે પછી સ્ટેટ બેન્કની ફિક્સ્ડ ડિપોઝિટ પર મળતા વળતર જેટલું વળતર પણ આપી શક્યા નથી.

1. **૧,૫૯૫ શેરો (૫૬ ટકા):** પોસ્ટ ઓફિસ અને SBI એફડીનું વળતર પણ પાર કરી શક્યા નથી.
2. **૧,૨૪૧ શેરો (૪૦ ટકા):** છેલ્લા ૩ વર્ષમાં રોકાણકારોને સીધું નુકસાન આપ્યું છે (ભાવ ઘટ્યા છે).
3. **મધ્યમ શેરનું વળતર:** માત્ર ૧૧.૨૫ ટકા રહ્યું છે, જે પોસ્ટ ઓફિસ ડિપોઝિટ કરતા અડધું છે.
4. **મલ્ટીબેગર શેરો:** ૨૧ ટકા શેરો (૬૦૫ કંપનીઓ) ના ભાવ બમણા થયા છે અને ૨૮૯ શેરો ત્રણ ગણા કે તેથી વધુ વધ્યા



લાર્જ-કેપ દિગ્ગજોનો દેખાવ અને વિશ્લેષણ

સપ્ટેમ્બર ૨૦૨૩ના માર્કેટ કેપિટલાઇઝેશન મુજબ દેશની ટોચની ૧૦ સૌથી મોટી કંપનીઓમાંથી માત્ર ૪ કંપનીઓ પોસ્ટ ઓફિસના વળતર કરતાં વધુ સારુ વળતર આપી શકી જ નથી. આ રહ્યા તેના ઉદાહરણો.

- **ITC:** ૩૮ ટકાનો ઘટાડો
- **Infosys:** ૨૯ ટકાનો ઘટાડો
- **Hindustan Unilever:** ૨૦ટકાનો ઘટાડો
- **HDFC Bank:** ૧૨ ટકાનો ઘટાડો
- **Reliance Industries:** માત્ર ૨ ટકાનો મામૂલી વધારો

અધિકૃત આંકડાકીય અને રિસર્ચ સ્ત્રોતના જણાવ્યા મુજબ વૈશ્વિક આર્થિક મંદી, ટેકનોલોજી સેક્ટરમાં ક્લાયન્ટ્સના આઈટી બજેટમાં કાપ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના લીધે સર્જાયેલી અજંપાભરી સ્થિતિ, એફએમસીજી સેક્ટરમાં ગ્રામીણ માંગમાં ધીમી રિકવરી અને સિગારેટ તથા તમાકુ પર કરવેરાના દબાણ જેવા પરિબળોને કારણે આ દિગ્ગજ શેરોના વેલ્યુએશન પર દબાણ જોવા મળ્યું છે.

મજબૂત દેખાવ કરનારી લાર્જ કેપ કંપનીઓ

આ ગાળામાં મજબૂત દેખાવ કરીને રોકાણકારોને સારુ વળતર આપનારી કંપનીઓમાં નીચેની કંપનીઓનો સમાવેશ થાય છે.

- **Bharti Airtel:** ૯૯ ટકાનો ઉછાળો
- **State Bank of India (SBI):** ૬૩ ટકાનો વધારો
- **ICICI Bank:** ૩૬ ટકાનો વધારો
- **Bajaj Finance:** ૩૫ ટકાનો વધારો

સ્મોલ અને મિડ-કેપ કેટેગરીમાં કમાણીના ગણિતો

આ સમયગાળામાં માત્ર લાર્જ-કેપ શેરો જ નિષ્ફળ ગયા છે તેવું નથી. સ્મોલ કેપ અને મિડિયમ કેપ કંપનીઓના શેર્સનું પરફોર્મન્સ પણ અપેક્ષા કરતાં ઊણું ઉતર્યું છે.

ટોચની ૧૦૦ કંપનીઓ: **સપ્ટેમ્બર ૨૦૨૩ ના ડેટા મુજબ ટોચની ૧૦૦ કંપનીઓનું વળતર ૩૧ ટકા રહ્યું હતું અને તેમાંથી ૫૮ ટકા કંપનીઓએ પોસ્ટ ઓફિસની ફિક્સ્ડ ડિપોઝિટ પર મળેલા વળતર કરતાં વધુ સારુ રિટર્ન રોકાણકારોને આપ્યું છે.**

૧,૦૦ થી નીચેના ક્રમાંકવાળા શેરો: **૧,૦૦૦થી વધુ રેન્ક ધરાવતા શેરોમાં 3 વર્ષનું વળતર માત્ર 8 ટકા જ રહ્યું હતું. આ કેટેગરીના માત્ર ૪૨ ટકા શેરો એફડીને બીટ કરી શક્યા અને ૪૬% શેરોમાં રોકાણકારોને નુકસાન થયું છે.**

સપ્ટેમ્બર ૨૦૨૧ થી સપ્ટેમ્બર ૨૦૨૩: **બજારમાં વ્યાપક તેજી હતી. આ ગાળામાં શેરબજારમાં કરવામાં આવેલા રોકાણ પર 39 ટકા વળતર છૂટ્યું હતું. તેમ જ 73 ટકા શેર્સ પોઝિટિવ વળતર આપી રહ્યા હતા.**

૨.સપ્ટેમ્બર ૨૦૨૩ થી સપ્ટેમ્બર ૨૦૨૬: **મીડિયન વળતર ઘટીને ૧૧.૨૫ ટકા થઈ ગયું અને નફો આપનારા શેરોનું પ્રમાણ ઘટીને ૫૭ ટકા થઈ ગયું છે. કુલ શેરોમાંથી આશરે 30 ટકા શેરો એવા છે જે પ્રથમ ૨ વર્ષમાં વધ્યા હતા પરંતુ તે પછીના 3 વર્ષમાં ઘટ્યા છે.**

છે.

આ દર્શાવે છે કે આડેધડ ઉત્સાહને બદલે શેરની યોગ્ય પસંદગી, મૂલ્યાંકન અને શિસ્ત કેટલી મહત્વની છે. આ સમયગાળામાં ૨ માંથી ૧ સ્ટોકે મૂડી ધોઈ નાખી છે, જ્યારે ૫ માંથી ૧ સ્ટોક મલ્ટીબેગર બન્યો છે. ત્રણથી પાંચ વર્ષમાં તેજીવાળા સેક્ટર્સમાં ડિફેન્સ-સંરક્ષણ, નોન-ફેરસ મેટલ્સ, હેલ્થકેર અને કેપિટલ ગુડ્ઝના સેક્ટર્સની કંપનીઓના શેર્સનો સમાવેશ થાય છે. તેમ જ નબળું પરફોર્મ કરનારા સેક્ટર્સમાં આઇટી-ઇન્ફોર્મેશન ટેક્નોલ, એફએમસીજી -ફાસ્ટ મુવિંગ કન્ઝ્યુમર્સ ગુડ્સ, સિમેન્ટ, લોજિસ્ટિક્સ અને કન્ઝ્યુમર ગુડ્ઝના સેક્ટર્સનો સમાવેશ થાય છે.



રોકાણકારોને વણમાગી સલાહ

માર્ચ ૨૦૨૦ ના તળિયા પછી નિફ્ટીમાં ૧૦ ટકાથી વધુનો ઘટાડો માત્ર ૪ વખત જ આવ્યો છે. બહારથી બજાર શાંત અને સુસ્ત દેખાય છે, પરંતુ અંદરથી રોકાણકારોના વળતરમાં ભારે તફાવત જોવા મળ્યો છે.

તેનો અર્થ એ નથી કે દરેક રોકાણકારે ઇક્વિટી છોડીને ફિક્સ ડિપોઝિટમાં જ રોકાણ કરી દેવું જોઈએ. પરંતુ આ આંકડા એ વાસ્તવિકતા સ્પષ્ટ કરે છે કે માત્ર બુલ માર્કેટમાં હાજર રહેવાથી આપોઆપ સુરક્ષિત ફિક્સ્ડ ડિપોઝિટ કરતા વધુ વળતર મળી જતું નથી. શેરબજારમાં રોકાણ કરતી વખતે 'માર્જિન ઓફ સેફ્ટી' અને સ્ટોક સિલેક્શનને નજરઅંદાજ કરવાના પરિણામો લાંબાગાળે આકરાં સાબિત થઈ શકે છે.

તાજેતરમાં સપ્ટેમ્બર ૨૦૨૬માં જાહેર થયેલા વિશ્લેષણ મુજબ છેલ્લા ત્રણ વર્ષમાં નિફ્ટી અને સેન્સેક્સના નબળા દેખાવ તથા ૬૦ ટકા જેટલા શેરોમાં એફડી-ફિક્સ્ડ ડિપોઝિટ કરતાં પણ ઓછું વળતર મળવાને કારણે રોકાણકારો માટે યોગ્ય સ્ટોક પસંદગી ખૂબ મહત્વની બની ગઈ છે. આમ ટ્રેડર્સ કે ઇન્વેસ્ટર્સે દરેક સ્ક્રિપની પસંદગી કરવામાં બહુ જ ધ્યાન આપવું જરૂરી છે.

હવે શું કરવું તે અંગે નિષ્ણાતોના મંતવ્યો

નાણાકીય સલાહકારો અને બજારના તજજ્ઞો એટલે કે મોતીલાલ ઓસવાલ, જેફરીઝ, આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ અને એચડીએફસી સિક્યોરિટીઝના સંશોધન અહેવાલોના આધારે મુખ્ય શેરો અંગેનો વ્યુહ અને માર્ગદર્શન નીચે મુજબ છે. જે શેરોમાં કંપનીનું ફંડામેન્ટલ મજબૂત છે અને લાંબા ગાળાના ગ્રોથ આઉટલુક સારા છે, તેમાં તાજેતરના અંડરપરફોર્મન્સ છતાં રોકાણ જાળવી રાખવાની અથવા તબક્કાવાર ઉમેરો કરવાની સલાહ આપવામાં આવે છે.

રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ

સંશોધન સંસ્થા જેફરીઝ અને મોતીલાલ ઓસવાલના અહેવાલો મુજબ રિટેલ અને ટેલિકોમ (જિઓ) ક્ષેત્રે મજબૂત વૃદ્ધિ અને ન્યુ એનર્જી બિઝનેસમાં ભવિષ્યની શક્યતાઓને ધ્યાનમાં રાખીને આ સ્ટોકમાં આ તબક્કે પણ લેણ કરી શકાય છે. સમય જતાં તેના પર સારું વળતર મળવાની શક્યતા છે. જેમનું રોકાણ આ શેરમાં હોય તેમણે રોકાણ જાળવી રાખવું જોઈએ. રિલાયન્સના શેરનું લેણ કરો અને રોકાણ જાળવી રાખોનું રેટિંગ તેમણે જાળવી રાખવામાં આવ્યું છે. ટૂંકા ગાળાના અંડરપરફોર્મન્સ છતાં મજબૂત કેશ ફ્લોને કારણે તેને લાંબા ગાળા માટે પોર્ટફોલિયોમાં રાખવાની સલાહ છે.

એચડીએફસી બેન્ક

આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ અને બર્નસ્ટેઈનના રિપોર્ટ અનુસાર એચડીએફસી લિમિટેડ સાથેના મર્જર પછી ડિપોઝિટ ગ્રોથ અને માર્જિન પર દબાણ હતું, પરંતુ બેન્કની બેલેન્સ શીટ અત્યંત મજબૂત છે. બ્રોકરેજ હાઉસિસના મતે લાંબા ગાળાના રોકાણકારો માટે આ શેરમાં આ સપાટીએ નવું લેણ કરી શકાય છે. તેમ જ જેમણે આ શેર્સમાં રોકાણ કરેલું છે તેઓ તેમનું રોકાણ જાળવી રાખી શકે છે. તેમ જ તેઓ આ ભાવ સપાટીએ નવું રોકાણ કરીને તેમનું હોલ્ડિંગ વધારવાની નીતિ અપનાવે તો તે યોગ્ય ગણાય તેમ છે, કારણ કે વેલ્યુએશન હવે વાજબી સ્તરે આવી ગયા છે.

ભારતી એરટેલ


જે.એમ. ફાઇનાન્શિયલ અને એક્સિસ કેપિટલ બ્રોકરેજ હાઉસના એક્સપર્ટ્સના મતાનુંસાર ટેરિફ હાઇક-ભાવ વધારો અને એવરેજ રેવન્યુ પર યુઝર્સમાં સતત સુધારો થઈ રહ્યો હોવાથી આ સ્ટોક સતત આઉટપરફોર્મ કરી રહ્યો છે. નિષ્ણાતો આ શેરમાં રોકાણ જાળવી રાખવાની સલાહ આપે છે.

તેમાં ચૂક થાય તો બેન્કની ફિક્સ્ડ ડિપોઝિટ જેટલું કે તેનાથી પણ ઓછું વળતર મેળવીને સંતોષ માનવો પડશે. કેટલીકવાર નુકસાન પણ ખમવાનું આવી શકે છે.

રોકાણકારો માટે સામાન્ય માર્ગદર્શન અને વ્યૂહરચના

આંધળું અનુકરણ ન કરોઃ બુલ માર્કેટમાં દરેક શેર વધશે જ તે ધારણા ખોટી સાબિત થઇ છે. ક્વાર્ટર-ઓન-ક્વાર્ટર કંપનીના પરિણામો અને પ્રોફિટેબિલિટી ચકાસીને જ નિર્ણય લો. કોઇએ આપેલી ટીપ્સને માની લઇને તેમાં રોકાણ કરવા ધસી ન જાવ. તમે પોતે જ તે કંપનીના પરિણામો, કંપનીની ઓર્ડર બુક થકી તેની આવકમાં થનારા વધારાનો અંદાજ મેળવી રોકાણ કરવાનો નિર્ણય લો. તેના વિકાસનો ભાવિ સ્કોપ શું છે તે જાણીને કે સમજીને તેના શેર્સમાં રોકાણ કરવાનો નિર્ણય લો.

માર્જિન ઓફ સેફ્ટીઃ જે કંપનીઓનું વેલ્યુએશન પી.ઇ.- રેશિયો એટલે કે શેરના ભાવ સામે કમાણી કરવાનો રેશિયો ખૂબ ઊંચું હોય અને ગ્રોથ ધીમો હોય, તેવા



> **તમામ મૂડી માત્ર એક જ જગ્યાએ રોકવાને બદલે ઇક્વિટી, ડેટ એટલે કે ફિક્સ્ડ ડિપોઝીટ અને પોસ્ટ ઓફિસની મુદતી થાપણો અને ગોલ્ડ વચ્ચે યોગ્ય સંતુલન જાળવવું રોકાણકારો માટે જરૂરી બની ગયું છે.**

શેરોમાંથી નફો બુક કરીને વ્યાજબી વેલ્યુએશન ધરાવતી ગુણવત્તાયુક્ત કંપનીઓમાં રોકાણ ટ્રાન્સફર કરી લેવું જોઇએ.

એસેટ એલોકેશનઃ કહેવાય છે કે બધું જ રોકાણ એક ઠેકાણે ન કરવું જોઇએ. આમ તમામ મૂડી માત્ર એક જ જગ્યાએ રોકવાને બદલે ઇક્વિટી, ડેટ એટલે કે ફિક્સ્ડ ડિપોઝીટ અને પોસ્ટ ઓફિસની મુદતી થાપણો અને ગોલ્ડ વચ્ચે યોગ્ય સંતુલન જાળવવું રોકાણકારો માટે જરૂરી બની ગયું છે. ■

કયા શેરોમાં સાવચેતી અથવા સ્ટ્રેટેજિક રી-એલોકેશન જરૂરી?

જે શેરોમાં ગ્લોબલ મંદી, ક્લાયન્ટ્સના આઈટી બજેટમાં કાપ કે સ્થાનિક ડિમાન્ડમાં સુસ્તી જેવા માળખાકીય પડકારો છે, ત્યાં એક્સપર્ટ્સ નીચે મુજબનો દ્રષ્ટિકોણ ધરાવે છે.

ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ- TCS અને ઈન્ફોસિસ -Infosys:

જે.પી. મોર્ગન અને કોટક ઇન્સ્ટિટ્યૂશનલ ઇક્વિટીઝના સંશોધન અહેવાલમાં જણાવ્યા મુજબ અમેરિકા અને યુરોપના બજારોમાં ટેકનોલોજી ખર્ચમાં ધીમી વૃદ્ધિ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના વધતા જતાં પ્રભાવને કારણે રોકાણકારો પાસે લાંબા ગાળાનું એટલે કે ૩ થી ૫ વર્ષનું વિઝન હોય તો જ આ શેર્સમાંનું રોકાણ જાળવી રાખવું જોઇએ. અન્યથા ડિવિડન્ડ યીલ્ડ સિવાય ટૂંકા ગાળામાં મોટો ઉછાળો મર્યાદિત રહી શકે છે.

હિન્દુસ્તાન યુનિલીવર- HUL:

નુવામાં ઇન્સ્ટિટ્યૂશન ઇક્વિટીઝના વિશ્લેષણ મુજબ ગ્રામીણ વિસ્તારમાં માંગની ધીમી રિકવરી અને સ્થાનિક બ્રાન્ડ્સ તરફથી સ્પર્ધાને કારણે ફાસ્ટ મુવિંગ કન્ઝ્યુમર ગુડ્સના સેક્ટરમાં ગ્રોથ-વિકાસ ધીમો પડ્યો છે. બ્રોકરેજ હાઉસના નિષ્ણાતોના મતે આ સ્ટોકમાંથી મધ્યમ ગાળામાં બહુ ઊંચા રિટર્નની અપેક્ષા રાખવાને બદલે તેને સામાન્ય વળતર આપનાર શેર તરીકે તમારા પોર્ટફોલિયોમાં જાળવી રાખવો જોઇએ. આમ લાંબા ગાળે આ શેર સારું વળતર આપશે તેવી તેમને આશા છે.



અમેરિકાના નવા બિલથી ગુજરાતના નિકાસકારોની ઊંઘ ઉડી જશે, 100% ટેરિફ લાદે તો ગુજરાત પર મોટો ખતરો

૧૦૦ ટકા ટેરિફ અમલી બને તો ગુજરાતના આ મુખ્ય ક્ષેત્રોની સ્પર્ધાત્મકતા વૈશ્વિક બજારમાં સાવ તળિયે બેસી જશે. તેમાંય ખાસ કરીને સુરતનો ડાયમંડ ઉદ્યોગ અને જામનગર-ભરૂચ બેલ્ટના કેમિકલ-પેટ્રોકેમિકલ્સ એકમો માટે આંતરરાષ્ટ્રીય ઓર્ડર જાળવી રાખવા અશક્ય બની જશે

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જો રશિયા પરના નવા પ્રતિબંધિત બિલ પર હસ્તાક્ષર કરીને તેને અમલમાં મુકશે, તો ભારતથી અમેરિકામાં થતી નિકાસ પર સો ટકા-૧૦૦ ટકા સુધીનો જંગી ટેરિફ લાગી શકે છે. આ નિર્ણયની સીધી અને ગંભીર અસર ગુજરાતના નિકાસ આધારિત અર્થતંત્ર પર પડી શકે છે. ગુજરાત દેશના કુલ નિકાસમાં અગ્રેસર રાજ્ય હોવાથી અમેરિકા દ્વારા લેવાનારા આ આકરા નિર્ણયથી ગુજરાતથી અમેરિકા ખાતે રવાના થતા અબજો ડોલરના માલસામાનના શિપમેન્ટ પર અનિશ્ચિતતાના વાદળો ઘેરાયા છે. રશિયન ક્રૂડ ઓઈલ ખરીદવા બદલ દંડ સ્વરૂપે ટેરિફ ઝીંકવાની આ જોગવાઈથી ખાસ કરીને ગુજરાતના પ્રોસેસિંગ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે મોટો સવાલ ઊભો થયો છે.

ગુજરાતમાંથી અમેરિકા તરફ થતી નિકાસમાં સૌથી મોટો હિસ્સો રિફાઇન્ડ પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ, ટેક્સટાઇલ્સ અને ગારમેન્ટ્સ, જેમ્સ એન્ડ જ્વેલરી (હીરા ઉદ્યોગ), ફાર્માસ્યુટિકલ્સ તેમજ કેમિકલ્સ સેક્ટરનો છે. જો ૧૦૦ ટકા ટેરિફ અમલી બને તો ગુજરાતના આ મુખ્ય ક્ષેત્રોની સ્પર્ધાત્મકતા વૈશ્વિક બજારમાં સાવ તળિયે બેસી જશે. તેમાંય ખાસ કરીને સુરતનો ડાયમંડ ઉદ્યોગ અને જામનગર-ભરૂચ બેલ્ટના કેમિકલ-પેટ્રોકેમિકલ્સ એકમો માટે આંતરરાષ્ટ્રીય ઓર્ડર જાળવી રાખવા અશક્ય બની જશે, કારણ કે ભાવ ડબલ થઇ જતાં અમેરિકાના આયાતકારો અન્ય દેશો તરફ વળી શકે છે.

માત્ર ટેક્સટાઇલ અને જેમ્સ-જ્વેલરી ક્ષેત્રે જ ગુજરાતની અમેરિકા ખાતેની વાર્ષિક નિકાસમાં આશરે રૂ. ૩૫,૦૦૦ થી ૫૦,૦૦૦

કરોડનો સીધો ઘટાડો આવી શકે છે.

ગુજરાતના ટેક્સટાઈલ અને ડાયમંડ-જ્વેલરી સેક્ટર પર સંભવિત અસરઃ ગુજરાતના શ્રમ સઘન એટલે કે સૌથી વધુ રોજગારી આપતા ટેક્સટાઈલ અને જેમ્સ એન્ડ જ્વેલરી પર પડશે. આ બંને ક્ષેત્રો માટે અમેરિકા સૌથી મોટું અને નફાકારક બજાર છે. અમેરિકી બજારમાં ભારતીય કાપડ પર હાલમાં સામાન્ય રીતે ૮થી ૧૫ ટકા જેટલી કસ્ટમ ડ્યુટી લાગે છે. જો આ ડ્યુટી વધારીને ૧૦૦ ટકા કરી દેવામાં આવે, તો ગુજરાતના કાપડ ઉત્પાદનો અમેરિકાના બજારમાં બસો ટકા મોંઘા થઈ જશે. અમદાવાદના નારોલ, વટવા અને ગારમેન્ટ ઝોનમાંથી અમેરિકાના મોટા રિટેલ બ્રાન્ડ્સ એટલે કે વૉલમાર્ટ, ટાર્ગેટ અને ગેપને કોટન ગારમેન્ટ્સ, ડેનિમ અને લેડીઝ વેરનો મોટો પુરવઠો પૂરો પાડવામાં આવે છે. સો ટકા ટેરિફ લાગતાં જ અમેરિકી ખરીદદારો ભારતમાંથી ઓર્ડર રદ કરીને બાંગ્લાદેશ, વિયેતનામ, પકિસ્તાન કે કેમ્બોડિયા તરફ વળી જશે, કારણ કે આ દેશો પર આવા કોઈ પ્રતિબંધો નથી.

રોજગારી પર સંકટઃ ગારમેન્ટિંગ એમ્પ્લોયમેન્ટ-ઓરિએન્ટેડ ક્ષેત્ર છે. ઓર્ડર ઘટવાથી અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં લાખો પ્રોડક્શન વર્કર્સ અને મહિલા કારીગરોની રોજીરોટી જોખમાઈ શકે છે.

ટેકનિકલ ટેક્સટાઈલઃ ગુજરાતના સુરત, નવસારી અને અંકલેશ્વર બેલ્ટમાં ટેકનિકલ ટેક્સટાઈલના પ્રોડક્ટ્સ ખાસ્સા તૈયાર કરવામાં આવે છે અને તેની નિકાસ પણ કરવામાં આવે છે ગુજરાત મેડ-મેડ ફાઈબર, સ્પેશિયાલિટી ફેબ્રિક્સ, નોન-વોવન ફેબ્રિક, મેડિકલ ટેક્સટાઈલ અને ઈન્ડસ્ટ્રિયલ ફેબ્રિક્સનું મોટું ઉત્પાદક છે. ટેકનિકલ ટેક્સટાઈલમાં માર્જિન ઓછું અને વોલ્યુમ વધારે હોય છે. ૧૦૦ ટકા ટેરિફના કારણે ગુજરાતના પ્રોડક્ટ્સ વૈશ્વિક માર્કેટમાંથી સીધા જ બહાર ફેંકાઈ જશે.

માત્ર ટેક્સટાઈલ અને જેમ્સ-જ્વેલરી ક્ષેત્રે જ ગુજરાતની અમેરિકા ખાતેની વાર્ષિક નિકાસમાં આશરે ₹. ૩૫,૦૦૦ થી ૫૦,૦૦૦ કરોડનો સીધો ઘટાડો આવી શકે છે.





સુરતના મેન મેડ ફાઈલર સેક્ટરની વાત કરીએ તો સુરત મુખ્યત્વે સિન્થેટિક કાપડ અને પ્રોસેસિંગ માટે જાણીતું છે. યુએસ સપ્લાય ચેઈન તૂટવાથી સ્થાનિક કાપડ મિલો અને પાવરલૂમ એકમોમાં ઓવર-સપ્લાય થતાં કાપડના ભાવ સ્થાનિક બજારમાં પણ તળિયે બેસી જવાની ભીતિ છે.

સુરતનો ડાયમંડ ઉદ્યોગ અને સોના-ચાંદીના દાગીના પર અસર

સુરતમાં વિશ્વના આશરે ૯૦ ટકા હીરાનું કટિંગ અને પોલિશિંગ થાય છે, અને અમેરિકા પોલિશ્ડ ડાયમંડ અને જ્વેલરીનો સૌથી મોટો ગ્રાહક દેશ છે. સુરતથી અમેરિકા ખાતે વાર્ષિક અબજો ડોલરના હીરાની સીધી અથવા મુંબઈ મારફતે નિકાસ થાય છે. સો ટકા ટેરિફ લાગવાના કિસ્સામાં અમેરિકામાં ભારતીય હીરા ખરીદવા ડબલ કિંમતે જ પડશે. સુરત હાલમાં લેબ-ગ્રોન (કૃત્રિમ) ડાયમંડનું ગ્લોબલ હબ બની રહ્યું છે, જેનો મુખ્ય ખરીદદાર અમેરિકાનો યુવા વર્ગ છે. ડ્યુટી વધતાં આ ઉગતા ઉદ્યોગને શરૂઆતમાં જ મોટો ફટકો પડશે. અમેરિકા અગાઉથી જ રશિયાની કંપની 'અલરોસા'ના રફ ડાયમંડ પર પ્રતિબંધ લાદી ચૂક્યું છે. રશિયન ઓઈલ

મુદ્દે આ નવું સૅંક્શન્સ બિલ અમલી બને, તો સુરતના એવા ડાયમંડ યુનિટ્સ પર કડક ચકાસણી આવશે જે રશિયન રફ પ્રોસેસ કરે છે.

સ્પેશિયલ ઇકોનોમિક ઝોન અને નિકાસ એકમો પર પણ અસર પડશે. સુરત અને અમદાવાદના સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાંથી અમેરિકા માટે પ્લેન ગોલ્ડ, સ્ટડ્ડ જ્વેલરી અને સિલ્વર જ્વેલરી તૈયાર થાય છે. સો ટકા ટેરિફ લાગવાથી તેની નિકાસ ઘટી શકે છે. તેનો સીધો ફાયદો ચીન અને થોઇલેન્ડને મળી શકે છે. સોના-ચાંદીના દાગીના પર ૧૦૦ ટકા ટેરિફ લાગવાથી અમેરિકી આયાતકારો થાઇલેન્ડ, વિયેતનામ કે ઇટલી જેવા દેશોમાંથી ખરીદી શરૂ કરશે, જેનાથી ગુજરાતના જ્વેલરી મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ બંધ થવાના આરે આવી શકે છે. માત્ર ટેક્સટાઇલ અને જેમ્સ-જ્વેલરી ક્ષેત્રે જ ગુજરાતની અમેરિકા ખાતેની વાર્ષિક નિકાસમાં આશરે રૂ. ૩૫,૦૦૦ થી ૫૦,૦૦૦ કરોડનો સીધો ઘટાડો આવી શકે છે. સુરત ડાયમંડ ઈન્ડસ્ટ્રીના આશરે ૭ લાખ અને ગુજરાત ટેક્સટાઇલ સેક્ટરના આશરે ૧૫ લાખથી વધુ કારીગરો કે મજૂરો પર આંશિક કે પૂરી બેરોજગારીનું જોખમ ઊભું થઇ શકે છે. GTRI રિપોર્ટ (૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬) અનુસાર, જો ૧૦૦% ટેરિફ લાદવામાં આવે તો અમેરિકા ખાતે થતી ભારતની આશરે $૮૫-૯૦ બિલિયનની વાર્ષિક મર્ચેન્ડાઇઝ નિકાસમાંથી $૩૦ થી $૪૦ બિલિયન જેટલી નિકાસ સીધી જોખમાઇ શકે છે. ગુજરાત ભારતની કુલ નિકાસમાં આશરે ૨૫-૩૦% હિસ્સો ધરાવે છે. જો યુએસ સાથેનો વેપાર ઠપ થાય, તો ગુજરાતની વાર્ષિક $૧૧૬.૩૩ બિલિયનની વૈશ્વિક નિકાસમાંથી માત્ર યુએસ માર્કેટ સંબંધિત નિકાસમાં રૂ. ૭૦,૦૦૦ કરોડથી રૂ. ૧ લાખ કરોડનો સંભવિત ઘટાડો આવી શકે છે.











યુએસ સાથેનો વેપાર ઠપ થાય, તો ગુજરાતની વાર્ષિક $૧૧૬.૩૩ બિલિયનની વૈશ્વિક નિકાસમાંથી માત્ર યુએસ માર્કેટ સંબંધિત નિકાસમાં રૂ. ૭૦,૦૦૦ કરોડથી રૂ. ૧ લાખ કરોડનો સંભવિત ઘટાડો આવી શકે છે.

ગુજરાતના મુખ્ય નિકાસ સૅક્ટર્સ

પેટ્રોલિયમ અને રિફાઇનરીઝ: જામનગર સ્થિત વિશ્વની સૌથી મોટી રિફાઇનરીઝ રશિયન ક્રૂડ પ્રોસેસ કરીને યુરોપ અને અમેરિકામાં નિકાસ કરતી આવી છે. ૧૦૦ ટકા સુધીનો ટેરિફ લાગવાથી આ ક્ષેત્રની માર્જિન અને નિકાસ વોલ્યુમ પર સીધો મોટો ફટકો પડશે.

ટેક્સટાઇલ અને ગારમેન્ટ્સ: અમદાવાદ અને સુરત જેવા ટેક્સટાઇલ હબમાંથી અમેરિકા ખાતે થતી રેડીમેડ કપડાંની નિકાસ પર પ્રોટેક્શનિસ્ટ ટેરિફ વાગતાં બાંગ્લાદેશ કે વિયેતનામ જેવા દેશો સામે સ્પર્ધા કરવી કઠિન બનશે.

જેમ્સ એન્ડ જ્વેલરી: સુરતના હીરા ઉદ્યોગ માટે અમેરિકા સૌથી મોટું બજાર છે. જો ટેરિફ લાદવામાં આવે તો પોલિશ્ડ ડાયમંડની માગમાં તીવ્ર ઘટાડો આવી શકે છે, જેનાથી સ્થાનિક રોજગારી પર પણ જોખમ ઊભું થશે.

ફાર્માસ્યુટિકલ્સ અને કેમિકલ્સ: ગુજરાતનું ફાર્મા સેક્ટર અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનની માન્યતા પ્રાપ્ત જેનેરિક દવાઓનો મોટો પુરવઠો પૂરો પાડે છે. સો ટકા ટેરિફના કિસ્સામાં દવાઓ અને સ્પેશિયાલિટી કેમિકલ્સના અમેરિકાના ઓર્ડર રદ થવાની શક્યતા વધી જશે.


સો ટકા ટેરિફ પૂરેપૂરો અમલમાં મૂકાય તો ભારતની અમેરિકા ખાતેની અબજો ડોલરની નિકાસ પર અસર પડી શકે છે. તેમાં ગુજરાતનો સિંહફાળો છે, તેમાં ખૂબ જ મોટો અને અભૂતપૂર્વ ઘટાડો આવવાની પૂરતી ક્ષમતા રહેલી છે. ભારતીય વિદેશ

મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે દેશ પોતાની ઉર્જા સુરક્ષા અને વેપારી હિતો રક્ષવા કટિબદ્ધ છે અને આવા પ્રતિબંધોથી દ્વિપક્ષીય સંબંધો પર પણ વિપરીત અસર પડશે. આ બિલ અમલમાં આવે તો તેની સૌથી આકરી વિપરીત અસર ભારત અને વિશેષ કરીને દેશના 'નિકાસ એન્જિન' ગણાતા ગુજરાત પર પડશે. ગુજરાત ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન્સના આંકડા મુજબ વાર્ષિક આશરે $૧૧૬.૩૩ બિલિયન એટલે કે રૂ. ૯.૮૩ લાખ કરોડની કુલ વૈશ્વિક નિકાસ કરે છે, જેમાં અમેરિકા તેનો સૌથી મોટો વેપારી ભાગીદાર છે.

ટેરિફથી બચવા અન્ય રૂટ કે વિકલ્પો છે?

અમેરિકી સૅંક્શન્સ અને ટેરિફના કડક નિયમો (Rules of Origin) ના કારણે થર્ડ-કન્ટ્રી (ત્રીજા દેશ) મારફતે રી-રૂટિંગ કરીને નિકાસ કરવાનો વિકલ્પ અત્યંત જોખમી અને વ્યવહારિક રીતે મુશ્કેલ છે. ભારત પોતાના માલને દુબઈ કે વિયેતનામ જેવા મુક્ત વેપાર કરાર ધરાવતા દેશો મારફતે મોકલે તો પણ જો ઉત્પાદનમાં 'મૂળ ભારતીય અથવા રશિયન ઇનપુટ' માલૂમ પડે, તો અમેરિકી કસ્ટમ્સ સેક્ન્ડરી સેંક્શન્સ હેઠળ સમગ્ર શિપમેન્ટ પર ૧૦૦ ટકા ટેરિફ અને દંડ લાદી શકે છે. હા, તેનાથી બચવા માટે 'રૂપિયા-રૂબલ' સેટલમેન્ટ મિકેનિઝમથી બેંકિંગ પ્રતિબંધોથી બચી શકાય છે, પરંતુ ટેરિફથી બચવા માટે અમેરિકા સાથે મુક્ત વેપાર કરાર કરવા અથવા દ્વિપક્ષીય વાટાઘાટો જ એકમાત્ર કાનૂની માર્ગ છે.

આ સજોગોમાં પણ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું "ઇન્ડિયા ફર્સ્ટ" અને ઉર્જા સુરક્ષા પ્રત્યેનું સ્ટેન્ડ વૈશ્વિક સ્તરે અત્યંત સરાહનીય અને વાજબી માનવામાં આવે છે. ભારતીય વિદેશ મંત્રાલયે (MEA) ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ જાહેર કરેલા અધિકૃત નિવેદન મુજબ, ૧.૪ અબજ નાગરિકોની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવી એ ભારત સરકારની પ્રથમ પ્રાથમિકતા છે. યુક્રેન યુદ્ધ બાદ જ્યારે પશ્ચિમી દેશોએ રશિયન તેલ પર પ્રતિબંધ મૂક્યો ત્યારે ભારતે ડિસ્કાઉન્ટેડ દરે (સસ્તા ભાવે) રશિયન ક્રૂડ ખરીદવાનું ચાલુ રાખ્યું હતું. ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવના રિપોર્ટ અનુસાર, ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૬માં રશિયા પાસેથી $૪૦.૮ બિલિયનનું ક્રૂડ ખરીદ્યું હતું. જો ભારતે સસ્તું રશિયન તેલ ન ખરીદ્યું હોત, તો દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચી જાત અને ફુગાવો બેકાબૂ બની ગયો હોત.



ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન્સના આંકડા મુજબ વાર્ષિક આશરે $૧૧૬.૩૩ બિલિયન એટલે કે રૂ. ૯.૮૩ લાખ કરોડની કુલ વૈશ્વિક નિકાસ કરે છે, જેમાં અમેરિકા તેનો સૌથી મોટો વેપારી ભાગીદાર છે.



રશિયા તરફ ઝૂકવાથી ભારતને થયેલા ફાયદા

ભારતીય વાણિજ્ય મંત્રાલય અને જીટીઆરઆઈના આંકડા અનુસાર, રશિયન ક્રૂડ પર મળેલા ડિસ્કાઉન્ટથી ભારતે બિલિયનો ડોલરની વિદેશી મુદ્રા-હૂંડિયામણ બચાવ્યું છે, જેનાથી દેશમાં ફુગાવો અંકુશમાં રહ્યો છે. વાણિજ્ય મંત્રાલયના સપ્ટેમ્બર ૨૦૨૬ના ડેટા અનુસાર, ભારત અને રશિયા વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર $૭૦ બિલિયનની ઐતિહાસિક સપાટીએ પહોંચવા આવ્યો છે.

વિશ્વના રાજકારણ પર અસર

વડાપ્રધાન મોદીના નિર્ણયથી માત્ર ભારત જ નહીં, પરંતુ વૈશ્વિક ક્રૂડ બજારમાં તીવ્ર ઉછાળો આવતો અટક્યો હતો. જો ભારત જેવો વિશ્વનો ત્રીજો સૌથી મોટો તેલ આયાતકાર દેશ રશિયા પાસેથી ખરીદી બંધ કરીને ગલ્ફ દેશો તરફ વળ્યો હોત તો વૈશ્વિક સ્તરે તેલનો ભાવ $૧૫૦ પ્રતિ બેરલને વટાવી ગયો હોત, જે અમેરિકી અને યુરોપીયન અર્થતંત્ર માટે પણ વિનાશક સાબિત થયો હોત. પશ્ચિમના દબાણ છતાં ભારતે પોતાની સ્વતંત્ર વિદેશ નીતિ જાળવી રાખી છે. તેનાથી બ્રિક્સ અને ગ્લોબલ સાઉથમાં ભારતની એક મજબૂત અને સાર્વભૌમ રાષ્ટ્ર તરીકેની છબી વધુ દ્રઢ બની છે.

BOOK YOUR

WEDDING

PHOTOGRAPHER

CINEMATIC WEDDING FILMS • TIMELESS PHOTOGRAPHY • DESTINATION WEDDINGS

CINEMATIC WEDDING FILMS

TIMELESS PHOTOGRAPHY

DESTINATION WEDDINGS



WE WERE DESTINED TO MEET

CALL US : 7820078255

the red circle studio

Printed, Published and Owned by RUSHABH SHAH and Printed at Mirror Image Pvt. Ltd. A/ 40-41, GIDC Electronics Estate, Sector -25, Gandhinagar – 382 016 and published from FF-5/A, Shatrunjay Complex, Nr, Nagari Hospital, Ellisbridge Ahmedabad – 380 006.
Editor - MARISHA SAGAR SHAH • Mobile No. 099983 73187 • Email : info@vibrantudyog.com • Web : www.vibrantudyog.com

કોપી મેળવવા/મોકલવા માટે

From : Vibrant Udyog : 1104, ICONIC SHYAMAL, Shyamal Cross Road, Satellite, Ahmedabad - 380015